RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 084** **Dt. 14-10-2025** **Page : 08** **Price : Rs 3**

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# ગુજરાતના રાજકારણમાં ગરમાવો

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માને તાકીદે દિલ્હીનું તેડું : મંત્રીમંડળમાં ફેરબદલના સંકેત



અમદાવાદ, તા. ૧૩

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અચાનક દિલ્હી જવાથી રાજ્યના રાજકીય માહોલમાં હલચલ મચી ગઈ છે. સૂત્રો સૂચવે છે કે તેઓ તેમની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસના વડા મોહન ભાગવતને મળે તેવી શક્યતા છે. જોકે રાજ્ય સરકારે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ રાજકીય વર્તુળો આને મંત્રીમંડળમાં ફેરબદલનો મહત્વપૂર્ણ સંકેત માની રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના સત્તા વર્તુળોમાં મંત્રીમંડળ વિસ્તરણ અને નવા ચહેરાઓના પ્રવેશ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. પરિણામે, મુખ્યમંત્રીની દિલ્હી મુલાકાત અનેક રાજકીય ગતિશીલતા બદલી શકે છે, ખાસ કરીને કારણ કે મુખ્ય સચિવ પંકજ જોશી ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થવાના છે, અને ચર્ચાઓમાં તેમનો કાર્યકાળ લંબાવવાનો અથવા નવા મુખ્ય સચિવની નિમણૂકનો સમાવેશ થવાની અપેક્ષા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રીના કાર્યસૂચિમાં ત્રણ મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ મંત્રીમંડળ વિસ્તરણ, મુખ્ય હોદ્દાઓ પર નવી નિમણૂકો અને મુખ્ય સચિવ પંકજ જોશીનો કાર્યકાળ. એવા અહેવાલ છે કે કેટલાક ભૂતપૂર્વ મંત્રીઓને દૂર કરવામાં આવી શકે છે, જ્યારે કેટલાક નવા ચહેરાઓને તક આપવામાં આવશે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફેરબદલમાં જાતિ સંતુલન, પ્રાદેશિક પ્રતિનિધિત્વ અને યુવા ચહેરાઓને પ્રાથમિકતા આપવામાં આવશે. રાજકીય વિશ્લેષકો માને છે કે ભાજપ સરકાર આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ટીમને ફરીથી મજબૂત બનાવવા માટે આ ફેરબદલ કરી શકે છે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં કોઈ પણ પ્રકારની શિથિલતા ટાળવા માટે પાર્ટી સંગઠન અને સરકાર વચ્ચે સંકલનને મજબૂત બનાવવા માંગે છે. કેટલાક મંત્રીઓના પ્રદર્શન અને ભ્રષ્ટાચારને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ રહી છે.

રસપ્રદ વાત એ છે કે, RSS વડા મોહન ભાગવત આવતીકાલે ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા છે. આ સમયે મુખ્યમંત્રી પટેલની દિલ્હી મુલાકાત સૂચવે છે કે સંઘ અને પાર્ટી વચ્ચે વ્યૂહાત્મક સંકલનનો અંતિમ તબક્કો શરૂ થઈ ગયો છે. એ પણ શક્ય છે કે દિલ્હીમાં ચર્ચાઓ પછી ટૂંક સમયમાં મહત્વપૂર્ણ નિર્ણયો જાહેર કરવામાં આવે. જોકે સરકારે આ મુલાકાત પર મૌન જાળવી રાખ્યું છે, પરંતુ ભાજપ કાર્યાલયો અને રાજકીય વર્તુળોમાં મંત્રીમંડળ વિસ્તરણ અને નવી નિમણૂકોની ચર્ચા તેજ થઈ ગઈ છે. હવે બધાની નજર દિલ્હીમાં યોજાનારી બેઠકો પર કેન્દ્રિત છે, જ્યાં કોઈ સંકેત ગુજરાતના રાજકારણમાં મોટો ફેરફાર લાવી શકે છે.

ગુજરાતના રાજકારણ અંગે સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દિલ્હી પહોંચ્યા છે. અધ્યક્ષ બન્યા બાદ જગદીશ વિશ્વકર્મા પ્રથમવાર દિલ્હીની મુલાકાતે પહોંચ્યા છે. સંગઠન મહામંત્રી રત્નાકર પણ દિલ્હી રવાના થયા છે. આ તમામ દિગ્ગજો દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. જેમાં ભાજપ સંગઠનમાં ફેરફાર મામલે દિલ્હીમાં મહત્વની બેઠક મળવાની છે.

આ બેઠકમાં પ્રદેશ ભાજપની નવી ટીમ અંગે પણ ચર્ચાની સંભાવના છે. સાથે જ સંભવિત મંત્રીમંડળના વિસ્તરણ સંદર્ભે પણ ચર્ચા થઈ શકે છે. ગૃહ-સહકાર મંત્રી અમિત શાહ સાથે પણ આ દિગ્ગજો મુલાકાત કરશે. ૪૦ દિવસમાં જ બીજીવાર પીએમ અને સીએમની મુલાકાતને રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી મંત્રીમંડળના વિસ્તરણ અને સંગઠનમાં ફેરફારની અટકળો ચાલી રહી છે. રાજકીય વર્તુળોમાં નામોની ચર્ચા થઈ રહી છે. તો કેટલાક મંત્રીઓને તેમની ગાદી જવાની સો ટકા શક્યતા છે. આવામાં મંત્રીમંડળમા કોણ ઈન થશે અને કોણ આઉટ થશે તેના પત્તા જલ્દી જ ખૂલી જશે તેવું લાગી રહ્યું છે.

# ઈઝરાયલ-હમાસ યુદ્ધ પૂર્ણ

## વડાપ્રધાન મોદીએ યુદ્ધ વિરામ અને બંધકોની મુક્તિ અંગે આપી પ્રતિક્રિયા કહ્યું બંધકોના પરિવારની હિંમત અને ટ્રમ્પના શાંતિ પ્રયાસો ખરા અર્થમાં રંગ લાવ્યા



નવીદિલ્હી, તા. ૧૩

ગાઝા પટ્ટીમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે લગભગ બે વર્ષ ચાલેલા યુદ્ધનો અંત આવી ગયો છે. હમાસે સોમવારે યુદ્ધવિરામના ભાગ રૂપે ૨૦ બચી ગયેલા ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા. ઈઝરાયલે કરાર હેઠળ ૧,૯૦૦ થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કર્યા. બંધકોની આ મુક્તિ ત્યારે થઈ છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધવિરામ અને બંધક કરારની ઉજવણી કરવા માટે ઈઝરાયલ પહોંચ્યા છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હવે આ સમગ્ર પ્રક્રિયા અને ઈઝરાયલી બંધકોની મુક્તિ પર પ્રતિક્રિયા આપી છે. ચાલો જાણીએ કે તેમણે શું કહ્યું.

સોમવારે હમાસ દ્વારા ઈઝરાયલી બંધકોની મુક્તિ અંગે, પીએમ મોદીએ કહ્યું, ''અમે બે વર્ષથી વધુ સમયની કેદ પછી બધા બંધકોની મુક્તિનું સ્વાગત કરીએ છીએ. તેમની મુક્તિ તેમના પરિવારોની હિંમત, રાષ્ટ્રપતિ ટ્રમ્પના અતૂટ શાંતિ પ્રયાસો અને વડા પ્રધાન નેતન્યાહૂના મજબૂત સંકલ્પને શ્રદ્ધાંજલિ છે. અમે પ્રદેશમાં શાંતિ લાવવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિષ્ઠાવાન પ્રયાસોને સમર્થન આપીએ છીએ.'' તમને જણાવી દઈએ કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, હમાસે ઈઝરાયલમાં ઘૂસણખોરી કરી અને હત્યાકાંડ કર્યો. આ હુમલામાં આશરે ૧,૨૦૦ ઈઝરાયલીઓ માર્યા ગયા હતા. હમાસે લગભગ ૨૫૦ અન્ય લોકોને પણ બંધક બનાવ્યા અને ગાઝા લઈ ગયા. આ પછી, ઈઝરાયલે ગાઝા પટ્ટીમાં હમાસ સામે યુદ્ધ શરૂ કર્યું. સ્થાનિક હમાસ આરોગ્ય અધિકારીઓ કહે છે કે ગાઝા યુદ્ધમાં ૬૭,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાર બાદ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે સવારે ઈઝરાયલ પહોંચ્યા. તેમણે ઈઝરાયલી સંસદ, નેસેટને સંબોધિત કરી. ટ્રમ્પ સોમવારે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય નેતાઓ સાથે ''શાંતિ સમિટ'' ની સહ-અધ્યક્ષતા કરશે. યુદ્ધવિરામ કરાર બાદ, યુએસ અને ઈજિપ્તના રાષ્ટ્રપતિઓ ગાઝામાં ઈઝરાયલ-હમાસ યુદ્ધનો અંત લાવવા માટે વૈશ્વિક નેતાઓના ''શાંતિ સમિટ'' ની અધ્યક્ષતા કરી રહ્યા છે, જે બે વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યું છે.

## આમ આદમી પાર્ટીના ખેડૂત સેલના પ્રમુખ રાજુ કરપડાની અટકાયત બાદ કરાઈ જાહેરાત

# ૩૧મી એ કેજરીવાલની બોટાદમાં મહાપંચાયત

રાજકોટ, તા. ૧૩

આમ આદમી પાર્ટીએ ગુજરાતના બોટાદમાં કિસાન મહાપંચાયતની જાહેરાત કરી છે. સ્થાનિક પોલીસે પાર્ટીના ખેડૂત સેલના પ્રમુખ રાજુ કરપડાની અટકાયત કર્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે. આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલે કરપડાની અટકાયતની નિંદા કરી હતી. પોલીસે શુક્રવારે રાત્રે ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ખેડૂત સેલના પ્રમુખ રાજુ કરપડાની અટકાયત કરી હતી. ખેડૂતોને તેમના કપાસના ઉત્પાદન માટે વાજબી ભાવ ન મળતા હોવાના આરોપો વચ્ચે તેઓ બોટાદ માર્કેટિંગ યાર્ડમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. પાર્ટીએ ભાજપ પર હુમલો કરતા આરોપ લગાવ્યો હતો કે રાજ્યના ખેડૂતો સાથે ન્યાયી વર્તન કરવામાં આવી રહ્યું નથી.



અહેવાલો અનુસાર, ખેડૂતોએ ફરિયાદ કરી હતી કે તેમને તેમના કપાસના વાજબી ભાવ મળી રહ્યા નથી. પાક ભીનો હોવાના બહાના હેઠળ, ભાવ ₹૧,૩૦૦ થી ઘટીને ₹૧,૧૫૦ પ્રતિ ૨૦ કિલોગ્રામ થઈ ગયા હતા. જવાબમાં, રાજુ કરપડાએ શુક્રવારે બોટાદ માર્કેટિંગ યાર્ડની મુલાકાત લીધી અને ખેડૂતો વતી વધુ સારા ભાવની માંગણી કરી. જ્યારે માર્કેટિંગ યાર્ડના ચેરમેને તેમની માંગણીઓ પૂર્ણ ન કરી, ત્યારે કરપડાએ યાર્ડ મેનેજમેન્ટ પર ખેડૂતોનું શોષણ કરવાનો આરોપ લગાવીને વિરોધ પ્રદર્શન કર્યું.

AAPના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ ભૂપેન્દ્ર પટેલ સરકાર અને પોલીસ મહાનિર્દેશક પર નિશાન સાધ્યું. ગઢવીએ કહ્યું, 'જ્યારે અમારા ખેડૂત સેલના અધ્યક્ષ ખેડૂતોના હકો અને કપાસના વાજબી ભાવ માટે લડી રહ્યા હતા, ત્યારે મુખ્યમંત્રીના આદેશ પર સેંકડો પોલીસકર્મીઓ સવારે ૩ વાગ્યે પહોંચ્યા અને રાજુ કરપડાની અટકાયત કરી.' ગઢવીએ કહ્યું, 'ભાજપના નેતાઓ ગુજરાતના ખેડૂતોને લૂંટી રહ્યા છે. પોલીસ તેમને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ અમે ચૂપ નહીં બેસીએ.' ગઢવીએ જાહેરાત કરી કે પાર્ટી રવિવારે સાંજે ૫ વાગ્યે બોટાદમાં કિસાન મહાપંચાયત કરશે. તેમણે કહ્યું, 'મુખ્યમંત્રી ગમે તેટલી પોલીસ તૈનાત કરે, અમે ડરીશું નહીં. જો કલમ ૧૪૪ લાગુ કરવામાં આવે, તો અમે તેને તોડીશું અને ખેડૂતો માટે લડીશું. જો જરૂર પડશે, તો અમે રાજ્યભરના માર્કેટિંગ કેન્દ્રો પર આવા કાર્યક્રમોનું આયોજન કરીશું. અરવિંદ કેજરીવાલને પણ આંદોલનમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવશે.'

ગઢવીએ કહ્યું કે મુખ્યમંત્રીને શરમ આવવી જોઈએ. ખેડૂતો રસ્તા પર ઉતરી રહ્યા છે, વાજબી ભાવ માટે રડી રહ્યા છે. ગુજરાતના લોકોએ એક સમયે કોંગ્રેસને તેના ઘમંડ માટે પાઠ ભણાવ્યો હતો, અને હવે ભાજપનું પણ એ જ પરિણામ આવશે. આ દરમિયાન, અઅઙ ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વિટર પર લખ્યું કે ભાજપના શાસનમાં, ખેડૂતોનો અવાજ ઉઠાવનાર કોઈપણને જેલમાં મોકલી દેવામાં આવે છે. સવારે ૩ વાગ્યે, આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા રાજુભાઈ કરપડાની પોલીસે ધરપકડ કરી. તેમનો એકમાત્ર દોષ ખેડૂતોના હકો માટે લડવાનો અને કપાસના વાજબી ભાવની માંગ કરવાનો હતો. તેમણે કહ્યું કે ભાજપ ગુજરાતમાં ખેડૂતો સાથે ઉભા રહેલા કોઈપણ વ્યક્તિનો અવાજ દબાવી દેશે. પરંતુ યાદ રાખો, સત્યને કેદ કરી શકાતું નથી. ખેડૂતોની લડાઈ અણનમ છે.

## કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે મોદીજી સાથે કરી દ્વિપક્ષીય વાતચીત

# ભારત કેનેડા વચ્ચેના સંબંધોમાં આવશે મીઠાશ



નવીદિલ્હી, તા. ૧૩

સોમવારે કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય ભાગીદારીને વેગ આપશે. પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીએ વિદેશ મંત્રી આનંદનું સ્વાગત કર્યું હતું અને આશા વ્યક્ત કરી હતી કે તેમની મુલાકાત દ્વિપક્ષીય સંબંધોમાં નવી ઉર્જાનો સંચાર કરશે. આ વર્ષે મે મહિનામાં કેનેડાના વિદેશ મંત્રી બન્યા પછી અનિતા આનંદની આ પહેલી ભારત મુલાકાત છે. પીએમઓ અનુસાર, પ્રધાનમંત્રી મોદીએ જૂનમાં G-7 સમિટ દરમિયાન કેનેડાની તેમની મુલાકાતની ચર્ચા કરી હતી, જ્યાં તેમની કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની સાથે ''ખૂબ જ ઉત્પાદક'' મુલાકાત થઈ હતી. પીએમઓએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ વેપાર, ઉર્જા, ટેકનોલોજી, કૃષિ અને લોકો-થી-લોકોના સંબંધોમાં બંને દેશો વચ્ચે સહયોગ વધારવાનું મહત્વ વ્યક્ત કર્યું હતું. મોદીએ કાર્નેને શુભેચ્છાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે તેઓ ભવિષ્યની બેઠકો માટે આતુર છે.

અગાઉ, અનિતા આનંદે તેમના ભારતીય સમકક્ષ એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી. બેઠકમાં બોલતા, ભારતના જયશંકરે કહ્યું હતું કે, ''આજની અમારી મુલાકાત ૨૬ મેના રોજ અમારી ટેલિફોન વાતચીત પછી ચાલી રહેલી રચનાત્મક ચર્ચાઓનો એક ભાગ છે.'' છેલ્લા બે મહિનામાં ભારત-કેનેડા દ્વિપક્ષીય સંબંધોમાં સતત પ્રગતિ થઈ છે. અમે અમારી ભાગીદારીને આગળ વધારવા માટે જરૂરી પદ્ધતિઓ ફરીથી શરૂ કરવા અને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છીએ.

જયશંકરે કહ્યું, ''જેમ કે વડા પ્રધાન મોદીએ કનાનાસ્કિસમાં વડા પ્રધાન કાર્ની સાથેની તેમની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું, ભારતનો અભિગમ સકારાત્મક માનસિકતા સાથે આગળ વધવાનો છે. આજે સવારે, તમે વડા પ્રધાન સાથે મુલાકાત કરી અને તેમની પાસેથી અમારા સહયોગ માટેના વિઝન અને તેને શ્રેષ્ઠ રીતે કેવી રીતે સાકાર કરવું તે વિશે વ્યક્તિગત રીતે સાંભળ્યું.''

જયશંકરે કહ્યું, ''બંને પક્ષોએ આજની બેઠક માટે એક મહત્વાકાંક્ષી રોડમેપ તૈયાર કર્યો છે, જે વેપાર, રોકાણ, કૃષિ, વિજ્ઞાન અને ટેકનોલોજી, નાગરિક પરમાણુ સહયોગ, કૃત્રિમ બુદ્ધિ, મહત્વપૂર્ણ ખનિજો અને ઉર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં અમારા સહયોગને આગળ વધારશે. મને ખુશી છે કે બંને ઉચ્ચ કમિશનરોએ પોતપોતાની રાજધાનીઓમાં તેમની જવાબદારીઓ સંભાળી છે અને આજની બેઠકોમાં ભાગ લઈ રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ પંચમહાલ-ગોધરાના છબનપુર ગામથી કરાવશે રાજ્યવ્યાપી શુભારંભ

# આજથી રવિ કૃષિ મોહત્સવનો પ્રારંભ

## મહોત્સવમાં કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના ૫ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૫૦૦ કરોડની સહાય

રાજકોટ, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી જનસેવા યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતભરમાં તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં તા. ૧૪ ઓક્ટોબરના દિવસને કૃષિ વિકાસ દિન તરીકે ઉજવવામાં આવશે.

આ દિવસ દરમિયાન ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના ઉદ્દેશ્ય સાથે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫નું પણ આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્ર અને રાજ્યના ખેડૂતોને સમર્પિત આ કૃષિ વિકાસ દિનના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ પંચમહાલ-ગોધરાના છબનપુર ગામ ખાતેથી રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર દરમિયાન રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાના મળીને કુલ ૨૬૧ સ્થળો ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ યોજાશે. જિલ્લા અને તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદઓ, ધારાસભ્યઓ સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહીને તેનો શુભારંભ કરાવશે. આ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના આશરે ૩ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.




મંત્રીએ કહ્યું હતું કે, રવિ કૃષિ મહોત્સવ દરમિયાન રાજ્યના પ્રગતિશીલ ખેડૂતો અને પશુપાલકોનું રાજ્ય સરકાર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૫ લાખથી વધુ ખેડૂત લાભાર્થીઓને રૂ. ૫૦૦ કરોડ જેટલી માતબર રકમની સહાયના મંજૂરી પત્રો અને સહાય હુકમોનું પણ વિતરણ કરવામાં આવશે. વધુમાં, રાજ્યના કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ નિષ્ણાતો દ્વારા ખેડૂતોને તેમના વિસ્તારમાં રવી ઋતુમાં વાવેતર કરવાના થતા પાકો અંગે તકનીકી માર્ગદર્શન ઉપરાંત પ્રાકૃતિક ખેતી, બાગાયત પાકોમાં નવીનતમ ટેક્નોલોજી જેવા વિવિધ વિષયો પર પણ માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, પ્રગતિશીલ ખેડૂતો અને ઋઙ્ઘના પ્રતિનિધીઓ દ્વારા પણ વિવિધ વિષયો પર વક્તવ્યો આપવામાં આવશે.

આ મહોત્સવમાં ખેડૂતોને રવિ પાકોના વાવેતર માટે આધુનિક કૃષિ તાંત્રિકતા અને પ્રાકૃતિક ખેત પદ્ધતિ અંગે જાગૃત કરવા માટે પાક પરિસંવાદ, નવીન ટેકનોલોજી આધારિત કૃષિ પ્રદર્શનો, ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ તેમજ રાજ્યના તમામ તાલુકાઓમાં ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત લેવામાં આવશે અને ખેતીને લગત ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ પણ નિષ્ણાતો-પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પૂરું પાડવામાં આવશે. આ બે દિવસ દરમિયાન પશુપાલન ખાતાએ પણ વિવિધ સ્થળોએ નિઃશુલ્ક પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કર્યું છે, જેનો પશુપાલકો લાભ લઈ શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમના સ્થળો ખાતે પ્રગતીશીલ ખેડૂતોના ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતીના આયામો, ડ્રોન ટેકનોલોજી જેવી આધુનિક કૃષિ તકનીક, કૃષિ તેમજ જમીન ચકાસણી, ખેડૂત ઉપયોગી સંશોધનો દર્શાવતા તેમજ ન્યૂ-એજીસ ફર્ટી લાઇઝરના વપરાશ માટે ખેડૂતોમાં જાગૃતિ કેળવતા વિવિધ પ્રદર્શનો સહિત કુલ ૨,૮૦૦ પ્રદર્શન સ્ટોલ ઉભા કરવામાં આવશે. જેમાં પ્રધાનમંત્રી કિસન સમ્માન નિધિ યોજના અંતર્ગત લેંડ સીડીંગ, ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ઇ-કેવાયસી અને સેલ્ફ રજીસ્ટ્રેશન બાબતના સ્ટોલ તથા ફાર્મ મિકેનાઈઝેશન, એગ્રો પ્રોસેસીંગ માટેના યંત્ર અને ઓજારોના સ્ટોલનો પણ સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ મંત્રી રાઘવજી પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે.

CCTVના આધારે છેડતી કરનાર વ્યક્તિની ઓળખ મેળવી ફરિયાદ દાખલ કરાઈ

# મહિલા સાથે અડપલા કરનારને કાયદાનો પાઠ ભણાવતી ૧૮૧ અભયમ ટીમ

રાજકોટ તા. ૧૩

રાજકોટ શહેરમાં યુવતીઓ અને મહિલાઓ નિર્ભીકપણે રહી શકે તે માટે તેમને સુરક્ષા પુરી પાડતી પોલીસ વિભાગની શી ટીમ, ૧૮૧ અભયમ હેલ્પ લાઈન અને જનરક્ષક ૧૧૨ સતત ખડે પગે રહે છે.

જો કોઈ યુવતીને પરેશાન કરવામાં આવે તો ૧૮૧ કે ૧૧૨ નંબર પર જાણ કરવાથી તેઓની મદદે ટીમ પહોંચી જશે તેમ અભયમ ટીમના સુમિતાબેન પરમારે ભરોસો આપતા જણાવ્યુ હતુ તાજેતરમાં એક બનાવમાં આવારા તત્વોને કાયદાનો પાઠ ભણાવી છેડતીનો ભોગ બનનાર મહિલાને સધિયારો આપવામાં આવ્યો હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



આ અંગે તેઓએ વિગત આપતા જણાવ્યું હતું કે , તાજેતરમાં ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક પીડિત મહિલાએ ફોન કરી જણાવ્યું હતું કે, હું રાજકોટ શહેરમાં રહું છુ. સવારે એક અજાણ્યા વ્યક્તિએ મારી છેડતી કરી છે. તેથી મારે તાત્કાલિક મદદની જરૂર છે. પીડિત મહીલાનો ફોન આવતાની સાથે રાજકોટ ૧૮૧ અભયમ હેલ્પલાઇન ટીમના કાઉન્સેલર સુમિતાબેન પરમાર, કોન્સ્ટેબલ શિલ્પાબેન અને પાયલોટ દર્શિતભાઈ તાત્કાલિક પીડિત મહિલાની મદદ માટે રવાના થયા હતાં. ઘટનાસ્થળ પર પહોંચીને પીડિત મહિલાનું કાઉન્સિલિંગ કરી તેમને આશ્વાસન આપ્યા બાદ તેમની સાથે બનેલ ઘટનાની માહિતી મેળવી હતી. પીડિતા મહીલાએ જણાવ્યું હતું કે, તે સવારે તેમના ઘરની શેરીમાં આવેલ નજીકની દુકાન પર દૂધ લેવા માટે ગયેલા ત્યારે દુકાન પર એક અજાણ્યો પુરુષ આવી અને આજુબાજુ કોઈ ન હોવાનો ફાયદો ઉઠાવી મારી સાથે શારીરિક અડપલા કર્યા હતા. મહિલાએ અજાણ્યા પુરુષનો વિરોધ કરીને થપ્પડ મારી દૂર ભગાડવા પ્રયાસ કર્યો હતો, ત્યારે એ અજાણ્યા પુરુષે પીડિતાને ધમકી આપતાં કહ્યું હતું કે, હવે હું તને રાજકોટમાં રહેવા નહીં દઉં અને રોજ તને આ જ રીતે હેરાન કરીશ.

આ બધું સાંભળીને મહિલા ખૂબ ગભરાઈ ગયા હતા. હવે આગળ શું કરવું તે સમજાતું ન હોવાથી મહીલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો. આ સમગ્ર મામલો સી.સી.ટી.વી. માં કેદ થયેલો હોવાથી અભયમ ટીમે સૌ પ્રથમ સી.સી.ટી.વી. ચેક કરી અડપલા કરનાર વ્યક્તિને ઓળખી કડક ભાષામાં કાયદાકીય પાઠ ભણાવી સમગ્ર મામલાની જાણ ૧૧૨ જનરક્ષક ટીમને કરી હતી. જનરક્ષક ટીમે તાત્કાલિક ઘટના સ્થળે આવી આરોપી વ્યકિતની ધરપકડ કરી હતી. મહિલાને ન્યાય મળી રહે ને હેરાન કરનાર વ્યક્તિને કાયદાનું ભાન કરાવવા માટે મહિલાની પરવાનગીથી કેસ નજીકના પોલીસ સ્ટેશન રિફર કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા હેરાન કરનાર વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી બદલ પીડિતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન અને ૧૧૨ જનરક્ષક ટીમનો આભાર માન્યો હતો.

# મહાનગરપાલિકા-નગરપાલિકામાં માળખાગત સુવિધા વધારવા ૧૬ હજાર કરોડ મંજૂર

## રાજકોટ સહિત રાજ્ય પરના મુખ્ય શહેરોમાં પાયાની સુવિધામાં થશે વધારો

રાજકોટ, તા. ૧૩

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૪ વર્ષમાં રાજ્યના નાગરિકોને જીવન જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ભૌતિક માળખાકીય સુવિધાઓ, સામાજિક માળખાકીય સુવિધાઓ, વિકાસ, અર્બન મોબિલિટી તથા ગુજરાતના આગવી ઓળખના કામો તેમજ શહેરના આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટના કામો માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. જેના ભાગરૂપે 'અમૃત ૨.૦' યોજના હેઠળ રાજ્યમાં મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ. ૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર કરવામાં આવ્યા છે.

વડાપ્રધાનના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતમાં તા.૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશનું ગ્રોથ એન્જીન ગણાતું ગુજરાત આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેતૃત્વમાં શહેરી વિકાસ તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.

અટલ મિશન ફોર રેજ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અખદ્બઝ) યોજનાએ ભારત સરકારની એક મહત્વપૂર્ણ શહેરી વિકાસ યોજના છે. જેનો લક્ષ્ય શહેરી વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓને મજબૂત બનાવીને લોકોના જીવનધોરણને સુધારવાનો છે. આ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૨૫ જૂન, ૨૦૧૫માં શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ



ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા અમૃત ૨.૦ મિશન તા.૧ ઓક્ટોબર ૨૦૨૧ના રોજથી સમગ્ર દેશમાં અમલમાં આવી હતી. શહેરી જીવનની ગુણવત્તા સુધારવા 'અમૃત ૨.૦ મિશન' અંતર્ગત માળખાકીય પાયાની સુવિધાઓના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે.

અમૃત ૧.૦ મિશન હેઠળ ગુજરાતના ૩૧ શહેરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા ઉપરાંત રાજ્યની ૨૨ 'અ' વર્ગની નગરપાલિકા તેમજ દ્વારકા નગરપાલિકાનો સમાવેશ થાય છે. જ્યારે અમૃત-૨.૦ યોજના હેઠળ રાજ્યની તમામ નગરપાલિકા તથા મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠા, બાગ-બગીચા અને તળાવ નવીનીકરણ કામો હાથ ધરવામાં આવેલ છે તથા રાજ્યના ૩૧ અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો પણ હાથ ધરવામાં આવેલ છે.

અમૃત ૨.૦ મિશન હેઠળ આવરી લેવાયેલા ગુજરાતના આ શહેરોમાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ. ૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર સરકારનો રૂ. ૪,૫૦૪ કરોડ, રાજ્ય સરકારનો રૂ. ૫,૫૯૭ કરોડ તેમજ રૂ. ૬,૨૧૫ કરોડ ઝક્કઇ- અર્બન લોકલ બોડીનો ફાળો છે. અમૃત ૨.૦ મિશન હેઠળ પ્રોજેક્ટ કમ્પોનન્ટ સિવાય કેપેસીટી બિલ્ડીંગ, અર્બન રિફોર્મ્સ સંબધિત કામગીરી પણ કરવામાં આવે છે.

'અમૃત ૨.૦ યોજના' હેઠળ છેલ્લા ૫ વર્ષમાં મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાને લગતા રૂ. ૪૯૩૧ કરોડના ૧૪૯ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂ.૫૪૩૭ કરોડના ૧૧૨ કામો, તળાવ નવીનીકરણના રૂ. ૨૦૭ કરોડના ૩૭ કામો, બાગ બગીચાના રૂ.૮ કરોડના ૦૪ કામો તેમજ નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાના રૂ. ૩૭૩૯ કરોડના ૨૯૨ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂ.૧,૪૪૦ કરોડના ૫૫ કામો, તળાવ નવીનીકરણના રૂ. ૪૪૩ કરોડના ૧૫૧ કામો તેમજ બાગ બગીચાના રૂ. ૧૧૦ કરોડના ખર્ચે ૧૨૭ કામો મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'અમૃત૨.૦ યોજના' હેઠળ શહેરી વિકાસ અંતર્ગત રાજ્યના તમામ શહેરો દ્વારા પાણી પુરવઠાના કામો જેમાં સોર્સ ઓગ્મેનટેશન, ટ્રાન્સમીશન લાઈન, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પીવાના પાણીના સંગ્રહ હેતુ ભૂગર્ભ ટાંકી તથા ઉંચી ટાંકી, પાણી વિત્તરણ પાઈપલાઈન નેટવર્ક તથા ઘર જોડાણ જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે. ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનાં કામો જેમાં ઘર જોડાણ, કલેક્શન નેટવર્ક, પમ્પીંગ સ્ટેશન પમ્પીંગ મશીનરી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ટર્શ્યરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે.

# સૌરાષ્ટ્રની નદીઓ ઉપર બનશે ૩૧૯ ચેકડેમ

## જળ સંપતિ મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષ સ્થાને ક્ષાર અંકુશ વિભાગની સમીક્ષા બેઠક



રાજકોટ તા.૧૩

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને ક્ષાર અંકુશ વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જસદણ તાલુકાના ૧૭ ગામોને લાભ આપતી યોજનાની રૂ. ૧૦૧.૫૩ કરોડની સિંચાઇ યોજનાની કામગીરી શરુ કરવા અને સૌની યોજનાના ભવિષ્યના આયોજન માટે નર્મદા કેનાલને સમાંતર એડીશનલ સૌની યોજનાની લીંક માટેની કામગીરી કે જેનો ખર્ચ આશરે રૂ. ૧૫૦૦ કરોડનો છે, તેનું યોગ્ય આયોજન કરીને તાત્કાલીક મંજુરી મેળવવા માટે મંત્રીએ જરૂરી સુચના આપી હતી.. સૌની યોજનાની દરેક લીંક (૧ થી ૪)ની સૌરાષ્ટ્ર વિસ્તારની પાઈપલાઇનની ૩ કી.મી.ની મર્યાદામાં આવતાં તળાવો અને ચેકડેમને જોડવા માટેના કામોની સમીક્ષા પણ મંત્રીશ્રીએ આ બેઠકમાં કરી હતી.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં જે નદીઓનું પાણી દરિયામાં વહી જાય છે તેવી નદીઓ ઉપર નવા ચેકડેમો તથા વિયર બનાવવા માટે નદી દીઠ ચેકડેમોના તાત્કાલિક સર્વે કરીને દરિયામાં વહી જતાં પાણીને અટકાવવા માટે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ સુચના આપી હતી. આ આયોજન હેઠળના ૩૧૯ ચેકડેમો બનવાથી સૌરાષ્ટ્રના વિવિધ જીલ્લામાં ૬૦૦ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ થશે અને અંદાજીત ૧૮,૦૦૦ હેક્ટર જેટલી જમીનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સિંચાઈનો લાભ થશે અને જમીનના પાણીના તળ ઉંચા આવશે સૌરાષ્ટ્રની તમામ નદી પર બેઝીન વાઈઝ ચેકડેમ બનાવવામાં આવશે.જેમાં આજી, ભાદર, મચ્છુ, શેત્રુંજી, મેઘલ, મેશ્વો, ઓઝત, કંકાવટી, રૂપારેલ રંગમતી સહીતની મહત્વની નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઘેડ વિસ્તારમાં કરવામાં આવી રહેલ કામગીરીઓની સમીક્ષા કરી આ બાબતે ભવિષ્યના આયોજન માટે મંત્રીએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. મોરબી જિલ્લામાં મચ્છુ નદી પર બેરેજ બનાવવાની કાર્યવાહી સત્વરે કરવાની પણ મંત્રીએ સુચના આપી હતી. આ બેઠકમાં અધિક સચિવ એસ.બી.રાવ, મુખ્ય ચીફ ઈજનેર એચ.યુ.કલ્યાણી, અધિક્ષક ઈજનેર જે.એન.ભાટુ, સૌની પ્રોજેક્ટના અધિક્ષક ઈજનેર ચાંદની ગણાત્રા, પ્રેક્ષા ગૌસ્વામી, શ્રી ચેતન ગણાત્રા સહીતના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોલડી ગામે ચોટીલાના પ્રાંત અધિકારીનો સપાટો

## ૪૩ હજારનો બાયોડીઝલનો જથ્થો પકડ્યો : ૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત, બે હોટલ સીલ

રાજકોટ તા. ૧૩

હાલ રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં જ્વલનશીલ પદાર્થનું વેચાણ બંધ બારણે થઈ રહ્યું છે તેમાં પણ બાયોડીઝલ નું વેચાણ પણ હાલ ખાસુ એવું વધતા તંત્રએ આ મુદ્દે ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરવાનું શરૂ કર્યું છે. મળતી માહિતી મુજબ ચોટીલા પ્રાંત અધિકારી દ્વારા રાજકોટ હાઈવે મોલડી ગામ નજીક બે હોટલમાં મધરાત્રીએ ધરોડા પાડ્યા હતા અને ૪૩ હજાર લીટર બાયોડીઝલનો જથ્થો તથા ટેન્કર અને હોટલમાં ગેરકાયદેસર સંગ્રહ કરતા પાંચ ટાંકાઓ સહિત ૭૦ લાખથી વધુ નો મુદ્દા માલ કબજે કરી હોટલોને સીલ કરવામાં આવી હતી.

ચોટીલા સબ ડિવિઝન વિસ્તારમાં અનેકવિધ ગેરરીતીઓ માટે જાણીતું છે પછી તે ખનીજનું ખનન હોય કે ગેરકાયદેસર કેમિકલ નું વેચાણ નું નેટવર્ક હોય આ તમામને ડામવા ચોટીલા પ્રાંત અધિકારી એચ ટી મકવાણા દ્વારા સમયાંતરે દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ગેરરીતિ આચરનાર લોકો સામે કડક કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. ચોટીલા નાયબ કલેક્ટર તથા તેમની સંયુક્ત ટીમે રાજકોટ હાઈવે ઉપર મોટી મોલડી ગામ પાસે આવેલ યુ.પી.બિહાર પંજાબી ઢાબા હોટલ અને યુ.પી. બિહાર દરભંગા હોટલ દરોડા પાડતા બંને હોટલ માંથી મોટા પ્રમાણમાં જવલનશીલ પદાર્થ મળી આવેલ હતો જેમા બંને હોટલો માંથી જુદા જુદા પાંચ ટાંકાઓ મળી આવેલ છે તેમજ તેમજ એક મોટુ ૪૦ કેએલ નું શંકાસ્પદ જવલનશીલ પદાર્થ ભરેલો ટેન્કર પણ મળી આવેલ છે.



આ દરોડા દરમ્યાન કુલ ૪૩૨૫૦ લીટર બાયોડીઝલનો જથ્થો અને એક ટેન્કર મળીને ૭૦,૭૦,૭૫૦નો મુદ્દામાલ કબ્જે કરી સીઝ કરી હોટલ માલિક વાકાનેરનાં ઠીકરીયાળા ગામના જેઠુરભાઈ રામભાઈ ખાચર, તેમજ ચોટીલાના ખેરડી ગામના વિક્રમભાઇ જોરૂભાઈ ધાંધલ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.ચોટીલા પંથકમાં પ્રાત અધિકારીના ગે. કા કારોબાર અને ખનીજ, કેમિકલ માફિયાઓ સામે હાથ ધરાયેલ ઝૂંબેશ ને કારણે ફફડાટ મચેલ છે તેમ છતા ધંધાર્થીઓ અવનવી તરકીબ અપનાવી ગે. કા ધંધાઓ કરતા હોવાનું કહેવાય છે.

પકડાયેલ તમામ જથ્થો કોઈને શંકા ન જાય તે માટે રાખેલ બાયોડીઝલ પર પાકા બાંધકામ કરવામાં આવેલ હતા. જે સ્ટ્રકચર જેસીબી ની મદદથી તોડી પાડવામાં આવેલા હતા. ખુશ્બુ હોટલમાં રસોડાના પ્લેટફોર્મ ને બે ટાંકા બનાવી અને આ બાયોડીઝલ રાખવામાં આવેલ હતો , પાંચ ટાંકાઓમાંથી જવલનશીલ પદાર્થના નમુનાઓ લેવામાં આવેલ છે, ગેરકાયદેસર અનઅધિકૃત ધંધો પોતાની જિંદગી અને બીજાની જિંદગી જોખમમાં મૂકી કરતા હોય આગ જેવી દુર્ઘટના ફાટી નીકળવાની દુર્ઘટના બનવાની શક્યતા રહેલ હતી અને મોટા પ્રમાણમાં જાન હાનિ થવાના શક્યતા પણ રહેલ હતી.

# મનપાના કોન્ટ્રાક્ટ ડ્રાઈવરો ઉતર્યા હડતાલ પર

### નવો કોન્ટેક્ટ થયો રીન્યુ પરંતુ વર્કઓર્ડર ન મળતા દોઢ મહિનાનો પગાર બાકી, અધિકારીઓએ કર્યા મનામણા હડતાલ સમેટાઈ



રાજકોટ, તા. ૧૩

મહાનગરપાલિકા માં ઘણા વિભાગોમાં કોન્ટ્રાક્ટ તથા ચાલી રહી છે ત્યારે કોન્ટ્રાક્ટરો દ્વારા તેમની નીચે જે કામ કરતા કામદારો હોય તેઓનું યથા યોગ્ય ધ્યાન રાખવામાં આવતો ન હોવાનું એક નહીં અનેક વખત સાંભળવા મળતું હોય છે અને આ અંગે તેમના દ્વારા ફરિયાદો પણ કરવામાં આવે છે ત્યારે મહાનગરપાલિકામાં કોન્ટ્રાક્ટ હેઠળના ડ્રાઈવરો હડતાલ પર સવારે ઉતરી ગયા હતા કારણ કે મહાનગરપાલિકા દ્વારા નવો કોન્ટ્રાક્ટ લેવામાં આવ્યો છે પરંતુ અવારકોડર આપવામાં આવ્યા નથી જેથી ડ્રાઈવરોની હાલની સ્થિતિ અત્યંત દૈન્ય થઈ ચૂકી છે. મળતી માહિતી મુજબ એક માસથી વધુ સમય થઈ ગયો છે અને વર્ક ઓર્ડર વગર આ ડ્રાઈવરોને તેમનો પગાર પણ મળ્યો નથી જેને લઈને હાલ મહાનગરપાલિકામાં ભારે ઉહાપો મચી ગયો હતો. પરંતુ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા મનામણા કરવામાં આવતા જ હડતાલ ડ્રાઈવરો દ્વારા સમેટી લેવામાં આવી હતી.

રાજકોટ કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટ હેઠળના ડ્રાઈવર હડતાળ ઉપર ઉતરી ગયા છે કારણ કે કોર્પોરેશન દ્વારા નવો કોન્ટ્રાક્ટ લેવામાં આવ્યો છે પણ વર્ક ઓર્ડર ન આપાયો નથી જેથી ડ્રાઈવરોની હાલત કફોડી થઇ ગઇ છે. દોઢ મહિનાથી કોર્પોરેશન દ્વારા વર્ક ઓર્ડર ન મળતા ડ્રાઈવરોને પગાર મળ્યો નથી. વર્ક ઓર્ડર વગર ૮૦૦ જેટલા કર્મચારીઓ હાલ કામ કરી રહ્યા છે અને પગાર ન મળતા તમામ ડ્રાઈવર હડતાળ ઉપર ઉતર્યા હતા.

રાજકોટ મનપામાં કોન્ટ્રાક્ટ હેઠળના ડ્રાઈવર એકાએક હડતાળ ઉપર ઉતરી ગયા હતા. કોન્ટ્રાક્ટર દ્વારા નવો કોન્ટ્રાક્ટ લેવામાં આવ્યો છે જેનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો નથી અને દોઢ મહિનાથી વર્ક ઓર્ડર વગર અંદાજિત ૮૦૦ જેટલા ચાલકો કામ કરી રહ્યા છે. કોન્ટ્રાક્ટર એજન્સી આર કે સિક્યુરિટી દ્વારા કોન્ટ્રાક્ટ લેવામાં આવ્યો છે.

કોન્ટ્રાક્ટ રિન્યુ કરવામાં આવ્યો પણ મનપા સાથે વર્ક ઓર્ડર ન મળ્યો હોવાથી ડ્રાઈવર ને દોઢ મહિનાથી પગાર નથી મળ્યો જેથી પગાર ન મળતા એકાએક આજે તમામ ડ્રાઈવર હડતાળ ઉપર ઉતર્યા છે. હતાં આશરે બે કલાકની હડતાળ બાદ અધિકારીઓએ ઘટતું કરવાની ખાતરી આપતાં હડતાલ સમાપ્તની જાહેરાત કરાઈ હતી.

### સૌરાષ્ટ્રની ધીંગી ધરામાં કલા, સાહિત્ય, સંસ્કૃતિ, શૌર્ય અને વીરતાનું પ્રદર્શનઃ રૂપાલા

# સૌ.યુનિનો યુવક મહોત્સવ 'સિંદૂરોત્સવ' ખુલ્લો

### રાજયના પુરવઠા મંત્રી કુવરજી બાવરીયાના અધ્યક્ષ સ્થાને યોગ્ય ઉત્સવ મુકાયો ખુલ્લો : ત્રિદીવસીય યુવક મહોત્સવમાં ૩૩ સ્પર્ધાઓ યોજાશે, યુનિવર્સિટી સંલગ્ન કુલ ૮૮ કોલેજોના ૧૮૫૪ સ્પર્ધકો રજૂ કરશે કલા

રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩ મા યુવક મહોત્સવ 'સિંદૂરોત્સવ' નું ગુજરાત રાજ્યના માનનીય પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના વરદહસ્તે દીપપ્રાગટય કરી, લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલા તથા કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીની વિશેષ ઉપસ્થિતિમાં રંગારંગ ઉદઘાટન કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી તથા કુલસચિવ ડો. રમેશભાઈ પરમાર દ્વારા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાનું મોમેન્ટો તથા શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ હતું.શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબા તથા કે.કે. બાવડા દ્વારા રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલાનું મોમેન્ટો તથા શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩ મા યુવક મહોત્સવમાં રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલાએ ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, યુવક મહોત્સવનું આયોજન એ યુવાનોમાં રહેલી શકિતઓને બહાર લાવવાનું પ્લેટફોર્મ છે. સૌરાષ્ટ્રના લોકનૃત્ય, બોલીઓ, સાહિત્યકારો, બાંધણી, રીવાજો, પધ્ધતિઓ જાણીતી છે. આપણી ભાતીગળ પરંપરા અને સંસ્કૃતિને જાળવવાનું કામ આજના યુવાનો આવા યુવક મહોત્સવમાં ભાગ લઈ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને મારી શુભેચ્છાઓ પાઠવું છું.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩ મા યુવક મહોત્સવમાં ઉપસ્થિત ગુજરાત રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો આ ૫૩ મો યુવક મહોત્સવ છે. યુવક મહોત્સવ એ યુવાનોમાં રહેલી કલાને ઓળખવાનો મંચ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ યુવાનોને યુવક મહોત્સવ થકી પ્લેટફોર્મ પુરું પાડ્યું છે જે સરાહનીય છે. આજના યુવાનોમાં અપાર શક્તિઓ રહેલી છે. આપણી સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવા માટે યુવક મહોત્સવ જેવા આયોજનો થવા ખુબ જરૂરી છે. આજની યુવા પેઢી શિક્ષણ અને સંશોધનની સાથે સાથે આપણી સંસ્કૃતિ, આપણું સાહિત્ય, આપણું ગૌરવને જાણે અને વધારે એ જરુરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કોઈપણ ક્ષેત્રમાં ક્યાંય પાછા પડ્યા નથી. આવું સુંદર આયોજન કરવા બદલ યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવને અભિનંદન પાઠવું છું. આ યુવક મહોત્સવના માધ્યમથી યુવાનોમાં રહેલ જોમ, જુસ્સો અને કૌવત બહાર લાવવાનો અવસર મળશે. યુવાનો એ ભારત દેશનું ઉજળું ભવિષ્ય છે. હું કોલેજોના આચાર્યઓ તથા સંચાલકોને યુવાનોને પ્રેરિત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ યુવક મહોત્સવમાં જુદી જુદી સ્પર્ધામાં યુવાનો પોતાનું કૌવત બતાવે એવી શુભેચ્છાઓ. યુવાનોના ભવિષ્યને ઉજાગર કરવા માટે યુનિવર્સિટીઓ દ્વારા શિક્ષણની સાથે આવા સુંદર આયોજનો થાય છે એ ખુબ આનંદની વાત છે. યુવક મહોત્સવના ઉદઘાટન સમારોહમાં ઉપલેટા કોલેજ તથા ખામટાની મહિલા કોલેજ દ્વારા પ્રાચિન રાસ રજૂ કરવામાં આવેલ હતું.

આ ત્રિદીવસીય યુવક મહોત્સવમાં સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક વિભાગમાં કુલ ૩૩ સ્પર્ધાઓ યોજાશે. જેમાં સંલગ્ન ૮૮ કોલેજોના ૧૮૫૪ સ્પર્ધકો પોતાની કલા રજૂ કરશે અને કુલ ૯૯ જેટલાં તજજ્ઞો નિર્ણાયકો તરીકે સેવા આપશે.યુવક મહોત્સવમાં વકૃત્વ સ્પર્ધાનો વિષય 'ભારતનું આત્મનિર્ભરતા તરફનું પ્રયાણ' તથા ડિબેટ સ્પર્ધાનો વિષય 'ઓપરેશન સિંદુરમાં મેઈડ ઈન ઈન્ડિયા શસ્ત્રોની તાકાત જોઈએ દુનિયાને આત્મનિર્ભર ભારતનો પરિચય' રાખવામાં આવેલ છે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા ઘેલા સોમનાથમાં

### આઠ દરખાસ્તોને બહાલી : કોંગી નેતા મનસુખ સાકરીયાએ સત્તાધીશોને સર્વપ્રથમ સ્વદેશી બનવા કરી ટકોર, સાથે ખર્ચનો તપાસ રિપોર્ટ આપવા જણાવ્યું

રાજકોટ તા. ૧૩

ગઈકાલે ઘેલા સોમનાથ ખાતે જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ હતી જેમાં આઠથી વધુ દરખાસ્તો ને સર્વનું મતે બહાલી આપવામાં આવી હોવાનું માલુમ પડ્યું. આગામી ત્રણ થી ચાર માસની અંદર જ પંચાયતોની ચૂંટણી યોજવાની છે તે પૂર્વે ગઈકાલે યોજાયેલી સામાન્ય સભા અત્યંત મહત્વની હતી. ઉપલેટા તાલુકા પંચાયત કચેરીને ડોક્ટર આંબેડકર નું નામ આપવાની દરખાસ્તને મંજૂરી આપીને સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે આ ઉપરાંત સ્વચ્છોત્સવ અંતર્ગત ગ્રામથી માંડીને તાલુકા સુધી અભિયાન ચલાવવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત કે પછી કહી શકાય કે અન્ય કચેરીઓ માટે હાલ જે સળગતો વિષય છે તે એ છે કે પાન માવા તથા ધુમ્રપાનના સેવન તથા થૂંકવા પર પ્રતિબંધ હો ખૂબ જરૂરી છે જેને લઈને ખાસ ઠરાવ કરવામાં આવ્યો હતો. કચેરી કે સંકુલ માં નિયમ ભંગ બદલ દંડની જોગવાઈ પણ કરવામાં આવી હતી. એટલું જ નહીં જિલ્લા પંચાયતમાં કર્મચારીનું અવસાન થાય તો સ્વભંડોળની સહાય ૫૦,૦૦૦ થી વધારી રૂપિયા ૧ લાખ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.




બીજી તરફ કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી હેઠળ આપેલી વિવિધ રાહતો તથા સ્વદેશી ચળવળ અને વિકાસ સપ્તાહ અંગે અભિનંદન ઠરાવ ને પણ પાસ કરવામાં આવ્યો હતો અને સાથે શ્રેષ્ઠ ગ્રામ પંચાયતને એવોર્ડ અપાયા હતા.સામાન્ય સભામાં પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, કારોબારી ચેરમેન પી.જી.કિયાડા, જીલ્લા વિકાસ અધિકારી આનંદુ સુરેશ ગોવિંદ ઉપરાંત



સભ્યો અધિકારીઓ હાજર હતા.

આ સામાન્ય સભામાં વિરોધ પક્ષ દ્વારા વિરોધ પણ નોંધાવવામાં આવ્યો હતો જેમાં કોંગ્રેસના વિપક્ષે નેતા મનસુખ સાકરીયાએ કહ્યું કે પ્રજાના પ્રશ્ને અવાજ દબાવવા માટે ખાસ સામાન્ય સભા રાખવામાં આવી હતી. કારણ કે તેમાં પ્રશ્નો રખાતી નથી વિપક્ષ તથા લોકોના પ્રશ્નોથી ડરીને આ કૃત્ય આચર્યું હતું. લોકોના અવાજ દબાવવામાં આવ્યો છે. સ્વદેશી અભિયાનનાં અભિનંદન ઠરાવ વિશે એવો આક્ષેપ કર્યો હતો કે શાસકો લોકોને સ્વદેશી અપનાવવાની સલાહ આપે છે. પરંતુ ખુદ ઘડીયાળ-મોબાઈલથી માંડીને બૂટ-કાર વિદેશી બ્રાંડની જ વાપરે છે. આ એક નર્યુ નાટક જ છે. અભિયાનની શરૂઆત ઘર આંગણેથી જ કરવી જોઈએ.

જીલ્લા પંચાયતના ૮૪ લાખના સ્થળાંતર ખર્ચમાં કથીત કૌભાંડનો રિપોર્ટ અપાતો ન હોવા વિશે એવી ટકોર કરી હતી કે ઘરનાં જ ભુવા, ઘરના જ ડાકલા છે.ગેરરીતીની તપાસમાં અધિકારીઓ-શાસકોને છાવરીને ઢાંકપીછોડો કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હાલ જિલ્લા પંચાયતમાં જો કોઈ સળગતો વિષય હોય તો તે ૮૪ લાખના ખર્ચનો છે આ અંગે પ્રમુખ પ્રવિણાબેન રંગાણી દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે કોઈપણ પ્રકારની ગેરેંટી આચરવામાં આવી નથી તો વિપક્ષે નેતા મનસુખ સાકરીયા દ્વારા આક્ષેપ અને આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે સત્તાધીશો અને અધિકારીઓ સંયુક્ત રીતે આ છેતરપિંડી આચરી છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે આ અંગે કોઈ નિર્ણય કરવામાં આવે છે કે કેમ ?

રાજકોટ મિરર તંત્રીની કલમે

# રાજકીય તડાફડી

## સૌરાષ્ટ્રમાં વિપક્ષ સક્રિય પણ હિંસા આવકાર્ય નથી



સૌરાષ્ટ્રમાંથી જંતુનાશક દવાની ફેક્ટરી ઝડપાઇ. મોટાપાયે નકલી દવાઓ બનતી હતી. વારંવાર નકલી વસ્તુ-વ્યક્તિ ઝડપાઇ રહ્યા છે. તંત્રની કોઇ ધાક કે પક્કડ રહી નથી. નકલી બિયારણ, નકલી ખાતર પણ ઝડપાય છે. નિર્દોષ ખેડૂતોનું ઉત્પાદન પાયમાલ થઇ જાય છે. કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ભરોસો રહ્યો નથી.

સતત ગુન્હા-છેતરપિંડી વગેરેથી પીડિત લોકો તંત્રથી નારાજ હોય એ સ્વાભાવિક છે. આ નારાજગી એક દિવસ વિસ્ફોટક બને તે પણ સંભાવના હોય જ છે. વિપક્ષ માટે અનુકુળ ગણાતા આ માહોલનો લાભ વિપક્ષે લેવાનું શરૂ કર્યુ હોય તેમ લાગે છે.

આમ આદમી પાર્ટીના ખેડૂત સંમેલનોમાં સૌરાષ્ટ્રમાં હિંસક ઘટનાઓ અને તનાવ ફેલાયા છે. તંત્ર આવા કાર્યક્રમોને મંજુરી આપતું નથી અને આયોજકો યોજવા પ્રયાસ કરે છે. આ મુખ્ય કારણે ટકરાવની સ્થિતિ બની જાય છે. સૌરાષ્ટ્રભરમાં 'વિસાવદરવાળી' સૂત્ર પ્રચલિત બની ગયું છે. આ સૂત્રથી રાજકીય તનાવનો માહોલ સર્જાઇ જાય છે.

બોટાદ સહિતના શહેરોમાં સર્જાયેલા તનાવથી રાજકીય આક્ષેપો પણ શરૂ થઇ ગયા છે. દિપાવલીના માહોલમાં રાજકીય તડાફડી પરાકાષ્ઠાએ છે. આમ આદમી પાર્ટી આક્ષેપો કરે છે કે, ભાજપના કાર્યકરોએ જ હિંસા આદરી છે. આ સામે ભાજપે આમ આદમી પાર્ટી જ હિંસાનો એજન્ડા ધરાવતી હોવાના આક્ષેપો થયા છે.

કારણ ગમે તે હોય, હિંસક ઘટનાઓ આવકાર્ય ન ગણાય. દરેક પક્ષને પોતાનો રાજકીય પ્રભાવ વધારવાનો અધિકાર હોય છે. સકારાત્મક કાર્યક્રમો દ્વારા પણ પ્રભાવ વધારી શકાય છે. ગુજરાત શાંતિ ઇચ્છનારું રાજ્ય છે. શાંતિના ભોગે રાજકીય પ્રભાવ વધારવો એ આવકાર્ય નથી.

હજુ તો વિપક્ષે માત્ર ખેડૂતોને જ ફોકસ કર્યા ત્યાં અરાજકતાનો મુદ્દો સર્જાઇ ગયો છે. અણઘડ તંત્રના કારણે ગુજરાતના લગભગ તમામ ક્ષેત્રો ત્રાહીમામ છે. આ કારણે અહીં અનેક વખત લખાયું હતું કે, ગુજરાતનો માહોલ વિપક્ષ માટે ખુબ અનુકુળ છે. શાસકોએ એલર્ટ થઇને આ માહોલમાં ઝડપી સુધાર લાવવાને બદલે વિપક્ષના કાર્યક્રમોને ફલોપ કરવાના કે ફલોપ ગણાવવાના પ્રયત્નો થાય છે, જેની જરૂર નથી.

તંત્રની વૃત્તિ-પ્રવૃત્તિમાં આમુલ પરિવર્તન લાવીને લોકોના કાર્યો ફટાફટ થાય તથા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કડકાઇથી સ્થાપિત થવી જોઇએ. ગુજરાતના ખૂણે-ખૂણે દારૂડિયા બેફામ બનતા હોય, સામાન્ય લોકો માટે આ સ્થિતિ ભયાવહ ગણાય. ત્રાહીમામ લોકો શાસકને પ્રેમ કરતી રહે તેવી અપેક્ષા રાખવી વધારે પડતી નથી? શાસન જ એવું હોવું જોઇએ કે લોકોને પ્રેમ થઇ જાય. ગુજરાતે મોદીજીની નેતાગીરીમાંથી જ પ્રેરણા લેવી જોઇએ.


शतरंज की चालों का खौफ
उन्हें होता है,
जो सियासत करते हैं,
हम तो कर्म के खिलाड़ी है,
ना हार की चिंता न जीत का
अभिमान नीतिमत्ता से कर्म
किए जा फल सामने से आएगा ।।
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# તેજસ માર્ક-1A ઈતિહાસ રચવા તૈયાર

## વિશિષ્ટ વિશેષતાઓમાં તેની અત્યંત હલકી, ઝડપી અને શક્તિશાળી ક્ષમતાઓનો સમાવેશ ૮ થી ૯ ટન શસ્ત્રો વહન કરી શકે છે અને એકસાથે અનેક લક્ષ્યોને નિશાન બનાવી શકે

રાજકોટ, તા. ૧૩

૧૭ ઓક્ટોબર, ભારતના સંરક્ષણ ટેકનોલોજીના ઈતિહાસમાં એક નવો અધ્યાય છે. આ દિવસે, સ્વદેશી રીતે વિકસિત ફાઈટર એરક્રાફ્ટ, તેજસ માર્ક-૧એ, તેની પ્રથમ ઉડાન ભરશે. આ ઉડાન મહારાષ્ટ્રના નાસિકમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સુવિધાથી સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની હાજરીમાં થશે. તેજસ માર્ક-૧એ એ ભારતમાં વિકસિત લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટનું અદ્યતન સંસ્કરણ છે. તે ચોથી પેઢીનું બહુ-ભૂમિકા ફાઈટર એરક્રાફ્ટ છે જે એકસાથે અનેક મિશન હાથ ધરવા સક્ષમ છે. તેજસ માર્ક-૧એની વિશિષ્ટ વિશેષતાઓમાં તેની અત્યંત હલકી, ઝડપી અને શક્તિશાળી ક્ષમતાઓનો સમાવેશ થાય છે. તે ૮ થી ૯ ટન શસ્ત્રો વહન કરી શકે છે અને એકસાથે અનેક લક્ષ્યોને નિશાન બનાવી શકે છે. તેનું સંકલિત ઈલેક્ટ્રોનિક રડાર, દ્રશ્ય શ્રેણીની બહારની મિસાઈલ સિસ્ટમ, ઈલેક્ટ્રોનિક યુદ્ધ સ્યુટ અને હવાથી હવામાં રિફ્યુઅલિંગ સિસ્ટમ તેને અત્યાધુનિક ફાઈટર એરક્રાફ્ટ બનાવે છે.

તેજસ સંપૂર્ણપણે ભારતીય ડિઝાઈન અને ઉત્પાદિત વિમાન છે. તેથી, જો જરૂરી હોય તો, કોઈપણ વિદેશી કંપનીની પરવાનગી લીધા વિના દેશની વ્યૂહાત્મક જરૂરિયાતોને અનુરૂપ કોઈપણ તકનીકી ફેરફારો કરી શકાય છે. આ પહેલને ભારતની આત્મનિર્ભર ભારત નીતિ તરફ એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે. તેજસની પ્રથમ ઉડાન સાથે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ હિન્દુસ્તાન ટર્બો ટ્રેનરની બીજી ઉત્પાદન લાઈન અને તેજસ ખસ-૧અ ની ત્રીજી ઉત્પાદન લાઈનનું પણ ઉદઘાટન કરશે. આ નવી ઉત્પાદન લાઈનો સ્થાનિક વિમાન ઉત્પાદન ક્ષમતાઓને વેગ આપશે અને આગામી વર્ષોમાં ભારતીય વાયુસેનાને ઘણા નવા સ્વદેશી વિમાનો પ્રદાન કરશે.



હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) આગામી ચાર વર્ષમાં ભારતીય વાયુસેનાને ૮૩ તેજસ માર્ક-૧અ ફાઈટર જેટની ડિલિવરી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખે છે. આ વિમાનો હવે નિવૃત્ત થઈ રહેલા જૂના મિગ-૨૧ સ્ક્વોડ્રનને બદલશે. ભારતીય વાયુસેના પાસે હાલમાં ફક્ત ૨૯ સ્ક્વોડ્રન છે, જ્યારે ચીન અને પાકિસ્તાન તરફથી વધતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને, ઓછામાં ઓછા ૪૨ સ્ક્વોડ્રનની જરૂરિયાત ઓળખવામાં આવી છે. આવી સ્થિતિમાં, તેજસ માર્ક-૧અ ની તૈનાતી ભારતીય વાયુસેના માટે નોંધપાત્ર પ્રોત્સાહન સાબિત થશે. તેજસ કાર્યક્રમમાં કેટલાક વિલંબનો સામનો કરવો પડ્યો છે, જે મુખ્યત્વે અમેરિકન એન્જિનની ડિલિવરીમાં વિલંબને કારણે છે. આનાથી પ્રોજેક્ટ લગભગ દોઢથી બે વર્ષ પાછળ ધકેલાઈ ગયો છે. વાયુસેનાના વડાએ પહેલેથી જ ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ આ કાર્યક્રમ હવે ઝડપથી આગળ વધી રહ્યો છે.

તેજસ માર્ક-૧અ ની ઉડાન માત્ર ભારતની ઉડ્ડયન ઈજનેરી અને તકનીકી ક્ષમતાઓનો પુરાવો નથી, પરંતુ ભારતની સંરક્ષણ સ્વનિર્ભરતા તરફ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ પણ છે. આ ઉડાન સાથે, ભારત સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને અત્યાધુનિક ફાઈટર એરક્રાફ્ટ વિકસાવવામાં સક્ષમ દેશોના પસંદગીના જૂથમાં જોડાશે. તેજસ માર્ક-૧અ આગામી વર્ષોમાં ભારતીય વાયુસેનાની કરોડરજ્જુ બનવા માટે તૈયાર છે. આ વિમાન માત્ર ભારતની શક્તિનું પ્રતીક જ નહીં પરંતુ સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગ માટે એક નવા યુગની શરૂઆત પણ કરશે.

# ભારતમાં સ્વતંત્ર-વૈજ્ઞાનિક વિચારસરણી પર હુમલો : રાહુલ

## રાહુલ ગાંધીએ કહ્યું શિક્ષણ પ્રણાલીમાં મોટા સુધારા અને ફેરફારો માટે હાકલ કરી હતી તેમણે જણાવ્યું હતું કે ભારતની શિક્ષણ પ્રણાલી દેશની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે



રાજકોટ, તા. ૧૩

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દક્ષિણ અમેરિકન દેશ પેરુની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે પોન્ટીફિકલ કેથોલિક યુનિવર્સિટી અને ચિલી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. તેમની વાતચીત દરમિયાન, તેમણે ભારતની શિક્ષણ પ્રણાલીમાં મોટા સુધારા અને ફેરફારો માટે હાકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતની શિક્ષણ પ્રણાલી દેશની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે અને ખાતરી કરે છે કે શિક્ષણની સમાન પહોંચ થોડા લોકો સુધી ન પહોંચે. તેમણે એમ પણ કહ્યું હતું કે વર્તમાન સરકાર ભારતમાં સ્વતંત્ર વિચાર પર હુમલો કરી રહી છે, જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેઓ દેશમાં આવું ન થાય તે માટે સખત મહેનત કરી રહ્યા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ સાથે ભારતમાં શિક્ષણ, સામાજિક સમાવેશ અને સ્વતંત્ર વિચાર સામેના પડકારો અંગે ચર્ચા કરી હતી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે શિક્ષણ જિજ્ઞાસાથી શરૂ થવું જોઈએ અને ભય કે અવરોધથી મુક્ત હોવું જોઈએ. સમાવિષ્ટ અને સુધારેલી શિક્ષણ પ્રણાલી માટેનું પોતાનું વિઝન વ્યક્ત કરતા, તેમણે જણાવ્યું હતું કે શિક્ષણે ખુલ્લા મન અને રાજકીય કે સામાજિક રીતે પ્રશ્ન કરવાની સ્વતંત્રતાને પણ પ્રોત્સાહન આપવું જોઈએ. તે થોડા લોકોનો વિશેષાધિકાર ન બનવો જોઈએ, કારણ કે આ સ્વતંત્રતાનો પાયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારતની શિક્ષણ પ્રણાલીની વર્તમાન સ્થિતિની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સરકાર મુખ્યત્વે ઉચ્ચ જાતિઓના હિતોનું રક્ષણ કરે છે, જ્યારે દેશના મધ્યમ અને નીચલા જાતિઓ તેમજ આદિવાસી સમુદાયોના ઈતિહાસ, પરંપરાઓ અને યોગદાનને અવગણે છે.

તેમણે ભારતીય શિક્ષણમાં વૈજ્ઞાનિક સ્વભાવના ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં હાલમાં મુક્ત, ખુલ્લા, વૈજ્ઞાનિક અને તર્કસંગત વિચારસરણી પર ગંભીર હુમલો થઈ રહ્યો છે, અને તેઓ તેનું રક્ષણ કરવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે છેલ્લા દાયકામાં વૈજ્ઞાનિક સ્વભાવમાં ઘટાડો થયો છે, અને તેને સુધારવાની જરૂર છે. વધુમાં, તેમણે વધતા ખર્ચ અને ખાનગીકરણને કારણે ગુણવત્તાયુક્ત શિક્ષણની મર્યાદિત પહોંચ પર પ્રકાશ પાડ્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે સરકારે શિક્ષણમાંથી પીછેહઠ કરી છે અને ખાનગી સંસ્થાઓને પ્રભુત્વ મેળવવા દીધું છે. જ્યારે ખાનગી સંસ્થાઓ માટે જગ્યા છે, ત્યારે સરકારે બધા માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા, સસ્તું શિક્ષણ સુનિશ્ચિત કરવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે તેની જવાબદારી છોડી દેવાને બદલે, સરકારે શિક્ષણમાં વધુ સક્રિય રીતે રોકાણ કરવું જોઈએ. તેમના દક્ષિણ અમેરિકન પ્રવાસમાં કોલંબિયા, બ્રાઝિલ, પેરુ અને ચિલીનો સમાવેશ થતો હતો, જ્યાં તેમણે શિક્ષણ, લોકશાહી અને ભૂરાજનીતિ પર વાત કરી હતી.

## કોનો ખેલ બગડશે, NDA કે મહાગઠબંધન? AIMIM બંને જોડાણો ઉપરાંત ત્રીજો વિકલ્પ સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યું છે

# ઓવૈસી પક્ષનો બિહારમાં ૩૨ બેઠકો પરથી ચૂંટણી લડશે

નવીદિલ્હી, તા. ૧૩

બિહાર ચૂંટણી માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બિહારમાં શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) એ રાજ્યની ૨૪૩ બેઠકો માટે તેના સાથી પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણીની જાહેરાત કરી છે. કોંગ્રેસ, RJD અને ડાબેરી પક્ષોના ગઠબંધન, મહાગઠબંધનમાં ચર્ચા ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જોકે, આ બે જોડાણોની બહાર ત્રીજો મોરચો બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. બિહારમાં NDAમાં JD(U), BJP, લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ), રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી (RLSP) અને હિન્દુસ્તાની અવમ મોરચાનો સમાવેશ થાય છે, જ્યારે વિપક્ષી મહાગઠબંધનમાં RJD, કોંગ્રેસ, ત્રણ ડાબેરી પક્ષો, મુકેશ સાહનીના VIP અને અન્ય પક્ષોનો સમાવેશ થાય છે.

AIMIM બંને જોડાણો ઉપરાંત ત્રીજો વિકલ્પ સ્થાપિત કરવા માટે કામ કરી રહ્યું છે. જોકે AIMIMએ અગાઉ મહાગઠબંધનમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, અને AIMIMના બિહાર એકમે RJD પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવને પત્ર લખીને છ બેઠકોની માંગણી કરી હતી, પરંતુ RJDને કોઈ જવાબ મળ્યો નથી. પત્રમાં, AIMIMએ જણાવ્યું હતું કે તેનો પક્ષ ધર્મનિરપેક્ષ મતોના વિભાજનને રોકવા અને સાંપ્રદાયિક શક્તિઓ સામે એક થવા માટે મહાગઠબંધનમાં જોડાવા માંગે છે, અને જો ઓફર કરવામાં આવે તો તે છ બેઠકો પર પણ ચૂંટણી લડશે. જો કે, RJD તરફથી કોઈ પ્રતિભાવ ન મળતાં, AIMIMએ હવે ચૂંટણી લડવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે. છેલ્લી ૨૦૨૦ ની ચૂંટણીઓમાં, AIMIMએ બિહારના સીમાંચલ ક્ષેત્રમાં ૨૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને પાંચમાં જીત મેળવી હતી. જો કે, તેમાંથી ચાર ધારાસભ્યોએ પાછળથી પાર્ટી છોડી દીધી હતી.



આ વખતે, AIMIMએ ૧૬ જિલ્લાઓમાં ૩૨ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે. AIMIM દ્વારા ૩૨ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવાથી મહાગઠબંધન અથવા મુખ્ય ગઠબંધન માટે મુખ્ય મતવિસ્તારોમાં સ્પર્ધા વધુ તીવ્ર બનવાની અપેક્ષા છે. પહેલી યાદી જાહેર કરતા, AIMIMના પ્રદેશ પ્રમુખ અખ્તરુલ ઈમાને જણાવ્યું હતું કે તેમની પાર્ટી સિવાન, દરભંગા, સમસ્તીપુર, મોતીહારી, નવાદા, જમુઈ, ભાગલપુર, સીતામઢી, મધુબની, વૈશાલી, કિશનગંજ, પૂર્ણિયા, કટિહાર, અરરિયા, ગયા અને ગોપાલગંજ સહિત અનેક બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. રસપ્રદ વાત એ છે કે, આ બેઠકોમાંથી મોટાભાગની બેઠકો હાલમાં મહાગઠબંધનના ધારાસભ્યો પાસે છે.

અખ્તરુલ ઈમાને જણાવ્યું હતું કે મહાગઠબંધને ૨૦૨૦ ની વિધાનસભા ચૂંટણીમાં AIMIM પર ધર્મનિરપેક્ષ મતોનું વિભાજન કરવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ, AIMIMએ આ ચૂંટણીમાં મહાગઠબંધનમાં જોડાવા માટે પહેલ શરૂ કરી હતી, પરંતુ RJD તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. પરિણામે, પાર્ટીએ ત્રીજા મોરચાની રચના શરૂ કરી છે. પાછલી વિધાનસભા ચૂંટણીમાં, પાર્ટીએ પાંચ બેઠકો જીતી હતી અને ઘણા વિસ્તારોમાં RJD, કોંગ્રેસ અને ડાબેરી ગઠબંધન પર તેની અસર જોવા મળી હતી. ૨૦૨૦ ની ચૂંટણીઓ પછી, AIMIMના ચાર ધારાસભ્યો RJD માં જોડાયા, જેના કારણે અખ્તરુલ ઈમાને વિધાનસભામાં પાર્ટીના એકમાત્ર ધારાસભ્ય તરીકે છોડી દીધા.

# UPમાં માસના વેપારી પર IT-EDના દરોડા

## આવકવેરા વિભાગે સંભલમાં ઈન્ડિયન ફ્રોઝન ફૂડ્સના માલિકો હાજી રિઝવાન અને ઈરફાનના ઘરો પર દરોડા પાડ્યા

નવીદિલ્હી, તા. ૧૩

ઉત્તર પ્રદેશમાં, આવકવેરા અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ટીમોએ માંસ વેપારીઓના ઘરો પર એક સાથે દરોડા પાડ્યા હતા. આ દરોડો આજે વહેલી સવારે પડ્યો હતો. આવકવેરા વિભાગે સંભલમાં ઈન્ડિયન ફ્રોઝન ફૂડ્સના માલિકો હાજી રિઝવાન અને ઈરફાનના ઘરો પર દરોડા પાડ્યા હતા. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, સવારથી જ આ વિસ્તાર ખૂબ જ ધમધમતો હતો, અને કોઈને અંદર કે બહાર જવા દેવામાં આવ્યા ન હતા. હાપુડમાં પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. ૩૨ વાહનોમાં સંભલમાં પહોંચેલી ટીમે ખળભળાટ મચાવી દીધો છે. પોલીસ અને PAC કર્મચારીઓએ ઘરને ચારે બાજુથી ઘેરી લીધું છે. દરોડામાં ૧૦૦ થી વધુ અધિકારીઓ સામેલ છે. ટીમ એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ED ટીમે હાજી રિઝવાન અને ઈરફાનના ઘરો અને ફેક્ટરી બંને પર તપાસ શરૂ કરી છે.

આવકવેરા વિભાગની તપાસ હાલમાં ચાલી રહી છે. અધિકારીઓએ હજુ સુધી સત્તાવાર નિવેદન જારી કર્યું નથી. ટીમે દરેકના મોબાઈલ ફોન, કમ્પ્યુટર, દસ્તાવેજો અને રજિસ્ટર જપ્ત કર્યા છે. દિલ્હી, લખનૌ અને મુરાદાબાદની ટીમો પણ તપાસમાં સામેલ છે. સંભલમાં ઈન્ડિયન ફ્રોઝન ફૂડ્સના માલિકો હાજી રિઝવાન અને ઈરફાનના પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા, પરંતુ કોઈનું ધ્યાન ગયું નહીં. ટીમે વહેલી સવારે ગુપ્ત રીતે દરોડા પાડ્યા હતા. ઘર અને ફેક્ટરીની અંદર રહેલા કર્મચારીઓને બહાર જવા દેવામાં આવ્યા નથી. એવું માનવામાં આવે છે કે આ કામગીરી લાંબી ચાલી શકે છે. બહાર રહેલા ફેક્ટરી કામદારોને પણ પ્રવેશવાની મંજૂરી નથી.





સંભલમાં સવારના દરોડામાં ૩૦ થી વધુ વાહનો એકસાથે પહોંચ્યા હતા. લખનૌ અને દિલ્હીના અધિકારીઓ પણ સામેલ છે. મોટી પોલીસ ફોર્સ પણ હાજર છે. સવારે ૭ વાગ્યે શરૂ થયેલી આ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. દરોડા ફક્ત સંભલ પૂરતા મર્યાદિત નથી; તે અન્ય ઘણા સ્થળોએ પણ કરવામાં આવી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ કાર્યવાહી કરચોરી, કાળા નાણાં અને નાણાકીય અનિયમિતતાઓ સાથે સંબંધિત હોઈ શકે છે. ઉત્તર પ્રદેશના સંભલમાં, આવકવેરા વિભાગ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ટીમોએ માંસ વેપારીઓ હાજી રિઝવાન અને ઈરફાનના પરિસરમાં મોટી દરોડા પાડી હતી. આજે વહેલી સવારે શરૂ થયેલી આ કામગીરીમાં ૧૦૦ થી વધુ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ સામેલ હતા. કરચોરી અને નાણાકીય અનિયમિતતાની શંકાના આધારે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.



# મનપા દ્વારા યોજાયું વોકાથોન

## વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોજાયું આયોજન : ચાલવાથી સ્વસ્થ રહેવાના અનેકવિધ ફાયદાઓ મેયર દ્વારા વર્ણવાયા

રાજકોટ તા. ૧૩

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રને ગુજરાતમાં વિકાસ સત્તાની ઉજવણી થઈ રહી છે ત્યારે ગઈકાલે રાજકોટ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને ધારાસભ્ય દર્શિતાબેન શાહ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. હાલ આંતરિક વિખવાદ શહેર ભાજપમાં જે રીતે જોવા મળી રહ્યો છે તેને લઈ આગામી સમયમાં શું પ્રશ્નો ઊભા થશે તે હવે જોવાનું રહ્યું પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ વિવાદ વકે નહીં તેને ધ્યાને લઈ દર્શિતાબેન શાહને ઉદઘાટક તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિકાસ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે સવારે ૭ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળીભવન ચોક, રેસકોર્ષ રિંગ રોડ ખાતે વોકાથોનનું આયોજન કરવામાં આવેલ. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ સહિતના મહાનુભાવોના વરદ હસ્તે ફ્લેગ ઓફ કરી, વોકાથોનનો શુભારંભ કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. યોજાયેલી વોકાથોનમાં બહોળી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

આ વોકાથોનમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ મહાનગરપાલિકામાં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન કંકુબેન ઉધરેજા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, સંગઠનના હોદ્દેદારઓ, નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના મેમ્બર અને પ્રતિનિધિઓ, ઞઈઈ-ઈઈઈના પ્રતિનિધિઓ અને ખુબ વિશાળ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, આપણા શરીર માટે ચાલવું એ ખુબ જ ફાયદાકારક છે. આપણા શરીરના તમામ અવયવો પગની પાનીથી ચાલુ થાય છે. ચાલવાથી પગની પાનીના અવયવોમાં એક્યુપ્રેશર થાય છે અને શરીરનું લોહી પરિભ્રમણ થાય છે. ચાલવાથી શરીર તંદુરસ્ત રહે છે અને નીરોગી રહી શકાય છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ વોકાથોનનું આયોજન કરવું એ તંદુરસ્તીની પ્રણાલી છે.

# ડો. કુંતલબા જાડેજા-ડો.ચેતનાબા જાડેજાનું સૌરાષ્ટ્ર યુનિ કર્મચારી હાઉસિંગ સોસાયટી દ્વારા સન્માન

## મેડિકલ સાયન્સ ક્ષેત્રે યશસ્વી કારકિર્દી ધરાવતાં આ બંને બહેનો સમાજલક્ષી સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર



રાજકોટ, તા. ૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા તાજેતરમાંજ ડો. કુંતલબા જાડેજા અને ડો. ચેતનાબા જાડેજાનો સન્માન સમારોહ યોજાઇ ગયો. મેડિકલ સાયન્સ ક્ષેત્રે યશસ્વી કારકિર્દી ધરાવતાં આ બંને બહેનો સમાજલક્ષી સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા છે.એમનાં અભ્યાસ અને કારકિર્દી વિશે જોઈએ તો, ડો. કુંતલબા જાડેજા ફીટલ મેડિસિન એક્સપર્ટ છે અને ડો. ચેતનાબા જાડેજા પેઇન ફિઝિશિયન છે. અને તેઓ બંને પોતપોતાના ક્ષેત્રે પોતાની નારાયણી હોસ્પિટલમાં સેવા આપી રહ્યાં છે, જે નારાયણી હોસ્પિટલે આઠ વર્ષ પૂર્ણ કરીને નવમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. જે આનંદની બાબત છે.

ડો. કુંતલબા જાડેજાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટની પી. ડી. યુ. મેડિકલ કોલેજમાંથી સ્નાતકની અને સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરમાંથી અનુસ્નાતકની પદવી મેળવી છે. એટલું જ નહીં તેઓ ત્યારબાદ લંડન ગયાં અને ફીટલ મેડિસિનમાં ફેલોશિપ મેળવી ને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં આવીને એ ક્ષેત્રે કાર્યરત રહ્યા છે. ડો. કુંતલબા જાડેજા રાજકોટમાં ૧૬ વર્ષથી કાર્યરત છે નોંધનીય વાત એ છે કે તેમણે રાજકોટમાં ફીટલ મેડિસિન એક્સપર્ટ તરીકે સારી એવી નામના અને લોકચાહના મેળવી છે. ડો.ચેતનાબા જાડેજાએ બરોડા મેડિકલ કોલેજમાંથી સ્નાતકની પદવી મેળવી છે અને અનુસ્નાતકની પદવી તો તેમણે ગુજરાતની ખ્યાતનામ કોલેજ - બી. જે. મેડિકલ કોલેજમાંથી મેળવેલ છે. તેઓ સૌરાષ્ટ્રના સિનિયર પેઇન ફિઝિશિયન છે અને છેલ્લા ૨૫ વર્ષથી મેડિકલ ફિલ્ડ માં કાર્યરત છે.

મેડિકલ ક્ષેત્રે આગવું કામ કરી રહેલ આ બંને ડોકટર બહેનો સામાજિક-સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે પણ પ્રેરણાદાયી કામ કરી રહેલ છે એ નોંધનીય બાબત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ સજી મેથ્યુ, સહમંત્રી અજયસિંહ પરમાર, કારોબારી સદસ્યો ડી. પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ શૈલેષભાઈ પટેલ, જીતેશકુમાર એમ.પંડિત, ડો. સેજલબેન ભટ્ટ, ડો. દર્શન ભટ્ટ સહિત સોસાયટી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, ડો ઓમદેવસિંહ, ડો બ્રિન્દા અને ડો હેનિલ માથુકિયા,ડો પ્રતાપ ડોડિયા , ડો ખુશ્બુ ડોડિયા , ડો. હેતલ જોશી, ડો . હિતેશ મુંધવા સહિત ડોક્ટર્સ પણ હાજર રહ્યા હતા.

## યાર્ડના પ્રમુખ અલ્પેશ ઢોલરીયા એ ૧૯ થી ૨૬ ઓક્ટોબર સુધી જાહેર કર્યું વેકેશન તમામ કામકાજ બંધ રહેશે

# દિવાળીમાં ગોંડલ યાર્ડમાં આઠ'દિ ની રજા





રાજકોટ, તા. ૧૩

ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો મગફળી, ધાણા, મરચા, ડુંગળી, લસણ સહિત ની ૫૫ થી પણ વધુ જણસીઓ લઈને આ માર્કેટયાર્ડમાં વેચવા આવી રહ્યા છે. ત્યારે દિવાળીના તહેવારને લઈને શનિવારને ધનતેરસના દિવસે છેલ્લી જણસીની આવક અને હરરાજી થયા બાદ રવિવારને કાળી ચૌદશ થી તમામ જણસીની આવક યાર્ડના સત્તાધીશો દ્વારા બીજી કોઈ જાહેરાતના થાય ત્યાં સુધી બંધ રહેશે.

માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ જણાવ્યું હતું કે આગામી દિવાળી ના તહેવારો આવતા હોય જેને પગલે આઠ દિવસ એટલે કે તારીખ ૧૯ ઓક્ટો. થી ૨૬ ઓક્ટો. સુધી દિવાળી વેકેશન રહેશે.દિવાળી ના તહેવાર દરમિયાન આ દિવસે ગોંડલ માર્કેટયાર્ડ માં હરરાજી અને યાર્ડ બંધ રહેશે. તા.૧૯ રવિવારને કાળી ચૌદશ થી સવાર થી તમામ જણસી ની આવક બંધ રહેશે. તા. ૨૦ સોમવાર દિવાળી હરરાજી અને જણસીની આવક અને યાર્ડનું કામકાજ બંધ રહેશે.

તા. ૨૧મંગળવાર ( ધોકો ) ના દિવસે હરરાજી અને જણસીની આવક અને યાર્ડનું કામકાજ બંધ રહેશે. તા. ૨૨બુધવાર બેસતું વર્ષ ના દિવસે જણસી ની આવક, હરરાજી અને યાર્ડ નું કામકાજ બંધ રહેશે. તા. ૨૩ ગુરુવાર ભાઈબીજના દિવસે જણસી ની આવક, હરરાજી અને યાર્ડ નું કામકાજ બંધ રહેશે. તા. ૨૪ શુક્રવાર ત્રીજના દિવસે હરરાજી અને યાર્ડ નું કામકાજ બંધ રહેશે.

તા. ૨૫શનિવાર ચોથના દિવસે હરરાજી અને યાર્ડનું કામકાજ બંધ રહેશે. તા. ૨૬ રવિવાર લાભપાંચમના દિવસે યાર્ડનું તમામ કામકાજ અને હરાજી બંધ રહેશે. લાભ પાંચમના દિવસે રવિવાર હોય તમામ જણસીઓનું સારા મુહૂર્તમાં વેપારીઓ દ્વારા હરાજીના સોદા કરી તા. ૨૭ને સોમવાર થી રાબેતા મુજબ વિવિધ જણસીઓની આવક શરૂ કરાશે.

# ઘુડસિયા ગામે ૩૮ લાખના ખર્ચે સીસી રોડ-ભૂગર ગટરનું ખાતમુહૂર્ત

## 'વિકાસ રથ'ને પ્રસ્થાન કરાવીને ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું




રાજકોટ, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાને ઉજવવા રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લા દીઠ એક 'વિકાસ રથ'ને પ્રસ્થાન કરાવીને ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસ રથ ગામડે-ગામડે ફરીને વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય તેમજ અન્ય નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપી રહ્યો છે.

ગઈકાલે ગોંડલના ધુડશીયા ગામે વિકાસ સપ્તાહ ના ૨૪ વર્ષ જન વિશ્વાસ સેવા સમર્પણના દિવસે ધુડશીયા ગામે ૧૩ લાખ રૂપિયાના ખર્ચે નવા બનેલા સીસી રોડ તેમજ પેવર બ્લોક રોડનું નું લોકાર્પણ તેમજ ૨૫ લાખ રૂપિયાના ખર્ચે સીસી રોડ અવેડો તેમજ પાણીની પાઈપલાઈન ભુગર્ભ ગટર ના જુદા જુદા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું તેમાં ઉપસ્થિત ધુડશીયા સરપંચ અને ગોંડલ તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર તાલુકા પંચાયત સદસ્ય હરેશભાઈ શેખડા તલાટી મંત્રી ભારતી બેન પારખીયા તેમજ ગ્રામ પંચાયતના સભ્યો અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો

# તાવથી ૧૧ મહિનાના બાળકનું મોત

## વરસાદ રોકાતા જ રોગચાળો ફાટી નીકળ્યો : તાવ સહિતની બીમારીના ૧૭૪૫ કેસ નોંધાયા




રાજકોટ તા. ૧૩

વરસાદની સિઝન હાલ પૂર્ણ થાય છે અને તેની સાથે જ રોગચાળાએ પોતાનું માથું ઊંચક્યું છે રાજકોટમાં તાવ સહિતની બીમારીના ૧૭૪૫ એટલા કેસ આરોગ્ય વિભાગના ચોપડે નોંધાયા હોવાનું પણ માલુમ પડ્યું છે. એટલું જ નહીં ડેન્ગ્યુ, ચિકન ગુનીયા , કમળો , ટાઈફોડનાં દર્દી ઓ પણ નોંધાતા આરોગ્ય ભિાગમા દોડધામ મચી જવા પામી છે અને સિવિલ સહીતનાં ખાનગી દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાય રહયા છે તેમજ રોગચાળાનાં કારણે એક અગીયાર મહીનાનાં બાળકને તાવ ભરખી ગયો છે. ત્રણ દિવસમા તાવના સપડાયા બાદ ગઈકાલે મૃત્યુ થયુ હતુ.

શહેરનાં આજીડેમ ચોકડી પાસે આવેલા માંડા ડુંગરમા ભીમરાવ નગરમા રહેતા મગનભાઇ બારૈયાનો ૧૧ મહીનાનાં પુત્ર દેવાંશને ત્રણ દિવસથી તાવ આવતો હોવાથી સ્થાનીક તબીબની દવા ચાલુ હતી દરમીયાન આજે વહેલી સવારે પરીવારજનોએ દેવાંશને જગાડતા તે ઉઠયો ન હોય બેભાન હાલતમા સારવાર માટે ઝનાના હોસ્પીટલમા ખસેડાયો હતો.

જયા ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યુ હતુ આ અંગે આજીડેમ પોલીસે જરુરી કાર્યવાહી કરી હતી પ્રાથમીક તપાસમા મૃતક દેવાંશ બે બહેનનો એકનો એક નાનો ભાઇ હતો તેનાં પિતા રીક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે. માસુમ પુત્રને તાવ ભરખી જતા પરીવારમા ગમગીની છવાઇ જવા પામી છે. પાણીજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરુપે છેલ્લા એક અઠવાડીયા કુલ ૪૬૫ કલોરીન ટેસ્ટ કરવામા આવેલ છે.

રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૩૭૩૫૧ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૭૪૫ ઘરોમા ફોગીંગ કામગીરી કરેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૬૪ પ્રીમાઈસીસનો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૫૫ અને કોર્મશીયલ ૧૭૯ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

### સાયબર માફીયાના હેન્ડલર બની આચરી રહ્યા હતાં જબરૂ કારસ્તાન

# બેકાર બાપ-બેટાનું ૪૬ કરોડનું કૌભાંડ

## બંને રત્નકલાકાર રૂમમાં સાયબર ફ્રોડની કીટ રાખી પોણા બે લાખ ભાડુ વસુલતાંઃ ૨૬ જેટલા રાજ્યો અને જિલ્લાઓમાં ફેલાયેલુ છે કારસ્તાન

રાજકોટ તા. ૧૨

આર્થિક ભીંસ, બેકારી અને પૈસા કમાઇ લેવાની ભુખ માણસને ઘણીવાર ખોટા રસ્તે કે ગુનાખોરીના રસ્તે લઇ જતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં બાપ-બેટો કે જે રત્ન કલાકાર છે તે બેકારીને કારણે ખેંચાઇ જતા સાયબર ફ્રોડના રવાડે ચડી ગયા હતાં અને અધધધ છેતાલીસ કરોડનું કૌભાંડ આચરી લીધું હતું. પોલીસે આ સમગ્ર કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે. આ બંને સાયબર માફીયાના હેન્ડલર બનીને કોબરા અને વિકટર જેવા હુલામણા નામનો ઉપયોગ કરી કૌભાંડમાં સામેલ થયા હતાં. એક રૂમમાં ફ્રોડ માટેની કીટ રાખીને આ બંને સાયબર ફ્રોડમાં મદદ કરતાં હતાં. એક કીટનું ભાડુ તેમને પોણા બે લાખ રૂપિયા મળતું હતું. પિતા ઝડપાઇ ગયો છે, પુત્રની શોધખોળ થઇ રહી છે.

વિગતો પર નજર કરીએ તો ડાયમંડ નગરી સુરતમાં હીરાને ચમકાવનાર અને બેકાર બનેલા એક પિતા-પુત્રની જોડી ઇન્ટરનેશનલ સાયબર ફ્રોડના મુખ્ય હેન્ડલર બની જશે તેવો કોઈને ખ્યાલ પણ નહોતો. સુરત સાયબર સેલે એક મોટી સફળતા મેળવીને આ બેકાર રત્નકલાકાર પિતા-પુત્ર દ્વારા ચલાવવામાં આવતા ૪૫.૯૨ કરોડના સાયબર ક્રાઈમ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પિતા -વીણ ધાંધલ અને પુત્ર ચંદ્રરાજ ધાંધલ નોકરી ગુમાવ્યા બાદ ગુનાની દુનિયામાં કેવી રીતે પગ મૂક્યો તેની વિગતો ચોંકાવનારી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ મૂળ બોટાદના રહેવાસી -વીણ ધાંધલ સુરતના હીરા ઉદ્યોગમાં રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. બે વર્ષ પહેલાં જ તેમની નોકરી છૂટી ગઈ હતી. ત્યાર બાદ તેમના પુત્ર ચંદ્રરાજની પણ નોકરી જતી રહી હતી. આ બેકારીના સમયમાં બંનેએ ઓનલાઈન સટ્ટો રમવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન તેમની ઓળખ દુબઇમાં બેઠેલા સાયબર માફિયા વિપુલ ઉર્ફે અંકિત નામના શખસ સાથે થઈ હતી. વિપુલે પ્રવીણને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યો જેમાં કોબરા અને વિકટર જેવા ડમી નામ વાપરતા અન્ય આરોપીઓ પણ હતા. આ રીતે બેકાર બનેલા રત્નકલાકાર પિતા-પુત્રની જાડી સાયબર ક્રાઇનના આંતરરાષ્ટ્રીય નેટવર્કમાં જોડાઈ ગઈ હતી. કોસાડ આવાસમાં એક સામાન્ય ૧૦૯૧૨ ફૂટના મકાનમાં છુપાવેલા કાપડના પોટલામાંથી બેંક કીટનો જંગી જથ્થો મળી



આવતા સુરત સાયબર સેલ સ્તબ્ધ થઈ ગયું હતું. આ પોટલામાંથી માત્ર બેંક એકાઉન્ટ કીટ જ નહીં, પરંતુ સાયબર ફ્રોડ માટે વપરાતા અન્ય અત્યાધુનિક સાધનો પણ મળી આવ્યા હતા.

જેમાં ક્યુઆર કોડ્સ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ સ્વાઈપ કરવાનું મશીન અને ચેકબુકોનો મોટો જથ્થો પણ મળી આવ્યો હતો. જે દર્શાવે છે કે, નાનકડા મકાનમાંથી આંતરરાજ્ય સ્તરનું મોટું રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું. સાયબર સેલના ડીસીપી બિશાખા જૈનના જણાવ્યા અનુસાર પ્રવીણ ધાંધલ અને તેના પુત્ર ચંદ્રરાજ ધાંધલ સુરતના અમરોલી અને કોસાડ વિસ્તારના પોતાના લેટ્સમાંથી આ રેકેટ ચલાવતા હતા. તેમની મોડસ ઓપરેન્ડી એવી હતી કે, તેઓ તેમના મળતીયા સાથે મળીને ખોટી પેઢીઓ ભી કરતાં હતા અને તેના નામે અલગ અલગ બેંકોમાં કરંટ એકાઉન્ટ ખોલાવતા હતા. એકાઉન્ટ ખુલે એટલે તેઓ બેંક એકાઉન્ટની ઇન્સ્ટન્ટ કીટ- ડેબિટ કાર્ડ, પાસબુક, ચેકબુક અને સીમકાર્ડ કમિશન પર મેળવતા હતા. એક કીટના બદલામાં તે ૧.૭૫ લાખ સુધીનું ભાડું લેતા અને થર્ડ પાર્ટીને ૧.૧૦ લાખ ચૂકવતા હતા.

ત્યાર બાદ તમામ ડેટા અને બેંક કીટો દુબઈમાં બેઠેલા વિપુલ ઉર્ફે અંકિતને મોકલી આપવામાં આવતી હતી. આ ડેટાનો ઉપયોગ દેશભરના અલગ અલગ રાજ્યોમાં સાયબર ફ્રોડની ઘટનાઓને અંજામ આપવા માટે થતો હતો. કોસાડાના દસ બાય બારના નાના મકાનમાં તેઓ સાડીના પોટલા રાખતા હતા જેથી બહારથી તે ડમી દુકાન જેવું લાગે અને શંકા ન જાય. પોલીસે મોબાઇલ, ડેબીટ કાર્ડનો જથ્થો, પાસબૂક, ચેકબૂક, સીમકાર્ડ, સીમ કવર, રબ્બર સ્ટેમ્પ, સ્વાઇપ મનીશ સહિત જપ્ત કર્યુ હતું. સાયબર સેલ દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું છે કે, આ રેકેટ દ્વારા કુલ ૧૫૫ બેંક એકાઉન્ટ ઉપર ૪૩૨ ફરિયાદો નોંધાયેલી છે. આ ફરિયાદોના કામે કુલ ૪૫,૯૨,૩૯,૧૫૯નું જંગી ફ્રોડ આચરવામાં આવ્યું છે.

આ ફ્રોડ દેશના ૨૬ જેટલા રાજ્યો અને જિલ્લાઓમાં ફેલાયેલું છે. મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, પશ્ચિમમ બંગાળ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા અને કર્ણાટક જેવા રાજ્યોમાં સૌથી વધુ ફરિયાદો નોંધાઈ છે. સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ અને આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી પ્રવીણ ધાંધલના પાચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે અને તેના પુત્ર ચંદ્રરાજ ધાંધલ સહિતના અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. તેમ ડીસીપી વિશાખા જૈને જણાવ્યું હતું.

### જેને ખોટુ જ કરવું છે એ નાના ધંધાર્થીઓને પણ છોડતા નથીઃ લુખ્ખાગીરીની ઘટના

# નામ 'હીરો' પણ 'ગૂંડાગીરી' કરી લારીવાળાને ફટકાર્યો

## સંત કબીર રોડના નાલે ગાંઠીયાની લારી રાખનારા પાસે હીરા નામના શખ્સે ભાડા પેટે ખંડણી માટે ધમાલ મચાવીઃ ગરમ તેલનું બકડીયું ઉલાળતાં લારીધારક દાઝી ગયો

રાજકોટ તા. ૧૩

અમુક લોકો કહેતાં હોય છે કે નામ મેં ક્યા રખા હૈ? પણ ઘણીવાર લોકો નામ મુજબના કામ કરતાં હોય છે, તો કયારેક એવુ થતું હોય છે કે નામથી તદ્દન વિરૂધ્ધ દિશામાં જે તે વ્યક્તિ કામ કરતો હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક શખ્સે ગૂંડાગીરી આચરી ગાંઠીયાની લારીવાળા પાસે ખંડણી માંગી મારકુટ કરી ગરમ તેલનું બકડીયું ઉલાળી દેતાં લારીવાળો યુવાન દાઝી ગયો હતો. આ બટાઝટી બોલાવનારાનું નામ તો 'હીરો' છે પરંતુ તેણે ધંધા 'ગૂંડાગીરી'ના કર્યા છે. આ ઘટના સંત કબીર રોડના નાલા પાસે બની છે.

વિગતો પર નજર કરીએ તો સામા કાંઠે સંત કબીર રોડના નાલા પાસે ગાંઠીયાની લારી રાખી ગુજરાન ચલાવતાં યુવાન પર સામા કાઠાના જ એક ભરવાડ શખ્સ અને તેની સાથેના શખ્સે માથાકુટ કરી ઝપાઝપી કરી માર મારતાં અને ઝપાઝપીમાં ગરમ તેલનું બકડીયું ઉલળી જતાં લારીવાળો યુવાન પગના ભાગે દાઝી જતાં સારવાર માટે દાખલ થવું પડ્યું છે. લારી ઉભી રાખવી હોય તો રોજના પાંચસો રૂપીયા ભાડુ આપવું પડશ તેમ કહી આ શખ્સોએ ધમાલ મચાવી હતી. આવા આક્ષેપોની પોલીસે તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી અનુસાર જુના માર્કેટ યાર્ડ નજીક હુડકો ક્વાર્ટરમાં રહેતો રમેશભાઇ પ્રભુદાસભાઇ સવજીયાણી નામનો પાંત્રીસ વર્ષનો યુવાન રાતે દસેક વાગ્યે સંત કબીર રોડના નાલા પાસે પોતાની જલારામ ગાંઠીયા નામની લારી લઇને ઉભો હતો ત્યારે સામા કાંઠે રહેતો હીરો ભરવાડ અને અજાણ્યો શખ્સ આવ્યા હતાં.

ત્યારબાદ બંનેએ ઝઘડો કરી મારા મારી કરી ગાળો દઇ ઝપાઝપી કરતાં ગરમ તેલનું





### અન્ય ઘટનામાં કેસમાં સાક્ષી રહ્યાની શંકા રાખી કોલેજ સંચાકલના પુત્ર સહિત ચારે મારકુટ કરી ધમકી દીધી

બકડીયું ઉલળતાં રમેશભાઇ દાઝી જતાં સિવિલ હોૈસપટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. રમેશભાઇએ જણાવ્યું હતું કે હું અને મારા ભાઇ કેતનભાઇ અઢી વર્ષથી સંત કબીર રોડના નાલે ગાંઠીયાની રેંકડી રાખી ધંધો કરીએ છીએ. અમે રાતે નવથી સવારના ચાર સુધી લારી રાખીએ છીએ અને આ માટે નિયમઅનુસાર મનપાને દર બે મહિને ભાડુ ચુકવી પહોંચ લઇએ છીએ.

રમેશભાઇએ વધુમાં કહ્યું કે બે દિવસ પહેલા પણ હીરો અમારી લારીએ આવ્યો હતો અને જગ્યાનું ભાડુ માંગી માથાકુટ કરી હતી. માણસો ભેગા થઇ જતાં તે જતો રહ્યો હતો. રવિવારે રાતે ફરીથી તે અને અજાણ્યો શખ્સ આવ્યા હતાં અને અહિ લારી રાખવી હોય તો મને રોજના પાંચસો રૂપિયા ભાડુ દેવુ પડશે તેમ કહી ખંડણી માંગી ઝઘડો કરી મારામારી કરી હતી. આ વખતે ગરમ તેલનુ બકડીયું પડી જતાં હું પગમાં દાઝી ગયો હતો. મારા ભાઇએ મને છોડાવ્યો હતો. ડખ્ખો કરી હીરો અને અજાણ્યો શખ્સ ભાગી ગયા હતાં. રમેશભાઇની આ વિગતોની ખરાઇ કરવા અને ફરિયાદ નોંધવા પોલીસે તપાસ હાથ ધરી છે. આ શખ્સ દ્વારા અવાર-નવાર આ રીતે માથાકુટ થતી હોવાનો આક્ષેપ પણ થયો હતો.

બીજી એક ધામધમકી માથાકુટની ઘટનામાં જામનગર રોડ પર આવેલી બી. એ. ડાંગર કોલેજના સંચાલકના પુત્ર સહિત ચાર જણાએ કોલેજની પાછળ જ રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં યુવાનને તું કેમ અમારા કેસમાં સાક્ષીમાં રહ્યો છ? તેમ કહી ગાળો દઇ ઝપાઝપી કરી કુહાડી બતાવી મારી નાંખવાની ધમકી આપતાં અને યુવાનના પત્નિ વચ્ચે પડતાં તેને પણ ધક્કો દઇ પછાડી દેતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. યુનિવર્સિટી પોલીસે જામનગર રોડ પર ડાંગર કોલેજ પાછળ ૨૫ વારીયા ક્વાર્ટર નં. ૫૫૬માં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં શનીકુમાર યોગેશભાઇ કાગદડા નામના એકત્રીસ વર્ષના સોની યુવાનની ફરિયાદ પરથી ડાંગર કોલેજના સંચાલકના પુત્ર આત્મન આહિર, સતિષ જળુ, સાગર ગઢવી અને અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શનીકુમાર કાગદડાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને મારી પ્રાઇવેટ કારમાં રાજકોટ શહેરથી હીરાસર એરપોર્ટ સુધી ફેરા કરી ગુજરાન ચલાવું છું.

તેણે વધુમાં કહ્યું કે હું મારી કાર ગ્રીનલેન્ડ ચોકડીએ રાખી ઘરે જમવા માટે જતો હતો. આ વખતે મારા બાઇકમાં મિત્ર રમેશભાઇ પણ સાથે હતો. અમે એઇમ્સ હોસ્પિટલ પાસેથી નીકળ્યા ત્યારે રસ્તામાં સતિષ જળુ જે અમારા લત્તામાં આવતો જતો હોઇ જેથી ઓળખુ છું તેણે મને ઉભો રાખ્યો હતો અને 'તું આત્મનભાઇ આહિરના કેસમાં સાક્ષી રહ્યો છો? તેમ પુછતાં મેં ના પાડી હતી અને હું તથા મિત્ર ત્યાંથી નીકળી ગયા હતાં. બાદ હું અને અને મિત્ર રમેશભાઇ ત્યાંથી નીકળી રમેશભાઇના ઘર પાસે પાનનો ગલ્લો છે ત્યાં ઉભા હતાં. આ વખતે ડાંગર કોલેજના માલિકનો પુત્ર આત્મન આહિર આવ્યો હતો અને મને પુછ્યું હતું કે-તું કેમ મારા કેસમાં સાક્ષી રહ્યો છો? જેથી મેં કહેલું કે હું સાક્ષી નથી.

આમ છતાં મને ગાળો દઇ મારી સાથે બોલાચાલી કરતાં મારો મિત્ર મારા પત્નિ વૈશાલીને બોલાવવા ગયો હતો. આ વખતે આત્મને વધુ ગાળો દીધી હતી અને ઝપાઝપી કરી હતી. ત્યાં સતિષ જળુ, સાગરદાન ગઢવી આવી ગયા હતાં અને અજાણ્યા શખ્સને બોલાવતાં આ શખ્સે કુહાડી લઇને આવી મને ગાળો દઇ ઝપાઝપી કરી હતી. આ ઝપાઝપમાં મારો સોનાનો ચેઇન તૂટીને પડી ગયો હતો જે મેં લઇ લીધો હતો. માથાકુટ ચાલુ હતી ત્યાં મારા પત્નિ, મિત્ર રમેશભાઇ આવી જતાં મને વધુ મારથી છોડાવ્યો હતો.

આ દરમિયાન મારા પત્નિને પણ ધક્કો મારી પછાડી દેતાં તેણીની ચુંદડી પણ ખેંચાઇ ગઇહ તી. બાદમા આત્મનેહવે બીજીવાર મારા હાથે ચડીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી હતી અને બધા ભાગી ગયા હતાં. બાદ મેં પોલીસ ફયિરાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં શનીકુમાર કાગદડાએ જણાવતાં પોલીસ ઇન્સપેકટર એચ. એન. પટેલની રાહબરીમાં એએસઆઇ જે. એલ. બાળાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### લીવ ઇન રિલેશનશીપમાં સંબંધો વણસે તો પરિણામ આવે ચોંકાવનારુ

# હનીટ્રેપની ફરિયાદ નોંધાવનાર પર બળાત્કારનો આરોપ!

## યુવાને જેના વિરૂધ્ધ ફરિયાદ કરી હતી અને યુવતિએ પોલીસને પુરાવા આપી કહ્યું-આ શખ્સ લિવ ઇનમાં હતો ત્યારે મારી સાથે દૂષ્કર્મ આચર્યુ હતું અને લાખો રૂપિયાના દાગીના ચોરી ગયો હતો : બીજી ઘટનામાં પરિણીતાને ફસાવી વારંવાર આચરાયું દૂષ્કર્મ

રાજકોટ તા. ૧૩

હનીટ્રેપના કિસ્સાઓ અવાર-નવાર સામે આવતાં રહે છે. યુવતિઓ પોતાની ટોળકીના સાગ્રીતોની મદદથી વેપારીઓ, યુવાનો, વૃધ્ધોને ફસાવીને બ્લેકમેઇલ કરી ડરાવી રૂપીયા પડાવતી હોય છે. દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં હનીટ્રેપની ફરિયાદ કરનારા સામે હવે દૂષ્કર્મની એફઆઇઆર દાખલ થઇ છે. જેની સામે યુવાને હનીટ્રેપની ફરિયાદ દાખલ કરાવી હતી એ યુવતિએ જ એવી ફરિયાદ કરી છે કે આ શખ્સે મારી સાથે અગાઉ લીવ ઇનમાં રહી બળાત્કાર ગુજાર્યો હતો! આવુ થતાં ફરિયાદી પણ હવે આરોપીમાં કઠેડામાં આવી ગયો છે.

વિગતો પર નજર કરીએ તો બનાવ વડોદરાનો છે. જિમમાં સાથે જતી મહિલાએ પોલીસ કમિશનર અને ફતેગંજ પોલીસને યુવકે બે વર્ષ લીવ ઇનમાં રહી લગ્નની લાલચે મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હોવા ઉપરાંત વીસ લાખની કિંમતના દાગીના ચોર્યા હોવાનો આરોપ લગાવતી ફરિયાદ આપી છે.જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી છે. આ યુવકે અગાઉ મહિલા સામે હનીટ્રેપ અંગેની ફરિયાદ કરી હતી.જે ખોટી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. નવાયાર્ડની સૂર્યનારાયણ સોસાયટીમાં રહેતા હિતેશ રણછોડભાઈ મારવાડી એ અગાઉ મહિલા સામે અરજી કરી હતી. જેમાં જિમમાં સંપર્ક થયા બાદ મહિલા સાથે પ્રેમ સંબંધ થયો હોવાની યુવકે કબૂલાત કરી હતી.

ત્યારબાદ પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી મહિલાને પૂછપરછ માટે બોલાવી હતી. બીજી તરફ મહિલાએ પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ આપી છે. ભોગ બનેલી મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, હું કેટરિંગનો વ્યવસાય કરું છું. પતિ સાથે મતભેદ થતા છૂટાછેડાની કાર્યવાહી ચાલી રહી છે. અને હાલમાં એકલી રહું છું. દરમિયાન




જિમમાં હિતેશ મારવાડીએ મારી સંપર્ક કર્યો હતો. તેણે બાદમાં પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો હતો. મારી સાથે લગ્ન કરવાની ખાતરી આપી હતી. પરિવારને સમજાવવું એ દરમિયાન બે વર્ષ સુધી મારી સાથે લીવ ઇનમાં રહ્યો હતો. ભાડા કરારમાં એની અને મારી સંયુક્ત સહી પણ એગ્રીમેન્ટમાં છે.

પરંતુ હિતેશના પરિવાર દ્વારા એનું બીજે લગ્ન નક્કી કરી દેવાતા યુવકે મહિલાના ઘરમાંથી દાગીના ચોર્યા હતા. મહિલાએ યુવક સામે દુષ્કર્મ અને ચોરી કરી હોવાની ફરિયાદ કરી છે. ફતેગંજ પોલીસ મથકના પીઆઈ અજયદાન ગઢવી એ જણાવ્યું છે કે, હિતેશ મારવાડીએ પોલીસ કમિશનરને હની ટ્રેપ અંગે રજૂઆત કરી હતી. યુવક અને મહિલાની પૂછપરછ કરી હતી. યુવકે હની ટ્રેપ અંગે કોઈ પુરાવા રજૂ કરી શક્યો નહીં હોવાથી આરોપ ખોટા હોવાનું સામે આવ્યું હતું. ફતેગંજ પોલીસ મથકના પોલીસ ઇન્સ. અજયદાન ગઢવીએ મહિલાની ફરિયાદ અંગે જણાવ્યું છે કે લગ્નની લાલચ આપી મહિલાની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મનો આરોપ ગંભીર -કારનો છે. પોલીસ આ મામલાની તપાસ કરશે. એમાં તથ્ય અને પુરાવા મળશે તો હિતેશ મારવાડી સામે કાર્યવાહી થશે, હાલ તો યુવકની હનીટ્રેપની ફરિયાદ ખોટી સાબિત થઈ તે હકીકત છે.

બીજી તરફ કચ્છના રાપરના ચિત્રોડ નજીક પરિણીતાને લલચાવી ફોસલાવી અલગ અલગ જગ્યાએ લઇ જઇ દોઢ મહિના સુધી દુષ્કર્મ આચરાયુ .હોવાની ફરિયાદ ભોગ બનનાર પીડીતાએ ગાગોદર પોલીસ મથકે દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. ગાગોદર પોલીસ મથકેથી પરિણીત પીડીતાએ નોંધાવેલી ફરિયાદને ટાંકી મળેલી વિગતો મુજબ, આજથી ત્રણ મહિના પહેલાં પેથાભાઇ પતાભાઇ દૈયાએ તેમને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અલગ અલગ જગ્યાએ લઇ જઇ તેમની સાથે દુષ્કર્મ આચર્યુ હોવાનું પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું. ગાગોદર પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં તપાસ ગાગોદર પોલીસ ઇન્સ. વી. એ. સંગલ ચલાવી રહ્યા છે.

### સાયબર ક્રાઇમ પોલીસ સતત લોકોને જાગૃત કરવા પ્રયાસ કરે છે પણ સફળતા મળતી નથી

# ક્રિપ્ટોનું દુષણ સરકારી કર્મી ૫૦ લાખમાં છેતરાયા

## ટેલીગ્રામ ચેનલમાં જોઈન્ટ કરી અલગ અલગ ટીપ્સના નામે રોકાણ કરાવ્યુંઃ પણ વિડ્રો કરવા જતાં કંઈ ન મળ્યું

રાજકોટ તા. ૧૩

શેર બજાર અને ક્રિપ્ટોમાં રોકાણ થકી કમાણી કરવાની લાલચ આપી ઠગાઇ કરવાની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. વધુ એક પ્રૌઢને શેર બજાર, ક્રિપ્ટોમાં રોકાણ કરવાથી મોટો ફાયદો થશે તેમ કહી આંબા આંબલી દેખાડી અડધા કરોડનો ચૂનો લગાડી દેવામાં આવ્યો છે. બીજી એક ઘટનામાં એક વૃધ્ધાને તમારા ઘરમાં નડતર છે, મસાણી મેલડી નડે છે વિધી કરવાથી તકલીફ દૂર થઇ જશે તેમ કહી ગઠીયો દાગીના ઉસેડી ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગાંધીધામના પ્રોઢ સરકારી કર્મચારીને વધુ નફાની લાલચ આપીને શેરમાર્કેટમાં, ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાની આંબલા આંબલી દેખાડીને ૫૬ લાખથી વધુની છેતરપીંડીને અંજામ અપાયો હતો. આ અંગે પુર્વ કચ્છના સાયબર ક્રાઈમ પોલીસ મથકે કંપનીના મળતીયાઓ સામે ફરિયાદ નોંધાઈ છે. ગાંધીધામના સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગોપાલપુરીની એફસીઆઈ કોલોનીમાં રહેતા કિશોર શીવજી નરગુંદરએ આરોપી ટેલીગ્રામ યુસર દીપા, અનુભવ ગોયલ, આશુતોષકુમાર અને ટેલીગ્રામ ગૃપ કોન્ફફોર્જ ફાયનાન્સ નામની કંપનીના યુસર તથા કોઇનબેઝ નામની કંપનીના યુઝર, અશુતોષકુમાર ગોલ્ડ મેન્ટર સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે તેમને ટેલીગ્રામ યુઝર દીપાએ તેની કનફોર્જ ફાયનાન્સનામના રીસેપ્શન મેનેજર તરીકે ઓળખાર આપીને કંપની ટેલીગ્રામ ગ્રુપમાં એડ કર્યા હતા.

બાદમાં અન્ય સાથે સંપર્ક કરાવીને કંપનીની મેન્ટર નામનો હોદો બતાવીને ફરિયાદીને ઓનલાઈન ક્રિપ્ટો કરન્સી શેર માર્કેટ તથા બીટકોઇન, ડોગ કોઇન, બીટીસી, યુએસડીસી, ઈઓસએસ, યુએસડી વગેરે જેવા અન્ય ક્રીપ્ટો કરન્સીના રોકાણ બાબતે મેસેજો મોકલાવીને વધુ રોકાણ માટે જણાવીનેને કોમ્યુનીકેટ કરવા માટે અલગ અલગ કસ્ટમર કેર સાથે સંપર્ક કરાવ્યો હતો. ફરિયાદીને એવો વિશ્વાસ અપાયો હતો કે શેર માર્કેટમાં વધુ પૈસા કમાઈ જશો. જેના પૈસા કેમ નિકળાવા તે અંગે ખોટી સલાહ આપીને ફરિયાદીના બે બેંક એકાઉન્ટથી કુલ ૩૮ ટ્રાન્ઝેક્શન કરાવીને



**ઘરમાં નડતર દુર કરવા ધાર્મિક વિધીના નામે ગઠીયો વૃદ્ધાના દાગીના ઉસેડી ગયો**

૫૬,૪૭,૬૭૨ રૂપીયા ટ્રાન્સફર કરાવ્યા હતા.

કોન્ફફોર્જ ફાયનાન્સ અને કોઇનબેઝ કંપનીએ ફરિયાદીના એકાઉન્ટની ટોટલ એસેટ અને ઉપલબ્ધ ફંડના ઓપ્શનમાં ૬૧ લાખનો નફો બતાવ્યો અને તેને વીડ્રો કરવા ન આપીને દીપા અને અનુભવ ગોયલ, આશુતોષકુમાર વગેરેએ વિશ્વાસમાં લઈને શેર માર્કેટીંગમાં રોકાણ કરવાથી રોજ રોજ ૨૦થી ૩૦ ટકા સુધી નફો મળશે તેમ જણાવીને કુલ ૫૬,૪૭,૬૭૨ ની રકમ અલગ અલગ બેંક એકાઉન્ટથી ભરાવીને ફરિયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. વધતી જતી ઓનલાઇન ફ્રોડની ઘટનાઓથી લોકોને સાવચેત રહેવા માટે સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા વારંવાર જાગૃતિના પ્રયાસો કરાય છે. આમ છતાં આવી ઘટના બનતી રહે છે.

ઠગાઈની બીજી ઘટના પર નજર કરીએ તો અમદાવાદ ગ્રામ્યના બગોદરા પોલીસ સ્ટેશનની હદમાં ફરી એકવાર છેતરપિંડીની ઘટના સામે આવી છે. જેમાં એક ગઠિયો વૃદ્ધ મહિલાને ધાર્મિક વિધિના બહાને વિશ્વાસમાં લઈ આશરે બે તોલા સોનાના ઘરેણાં લઈને ફરાર થઈ ગયો છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ રોયકા ગામના વાલીબેન હિંમતભાઈ સોલંકી તેમની દીકરી સાથે ગણપતિ મંદિરે દર્શન કરીને એકલા ગામ તરફ ચાલીને આવી રહ્યા હતા. આ દરમિયાન એક ગઠિયો તેમને બાઇક પર બેસાડી ઘરે મૂકવા ગયો હતો.ઘરે પહોંચ્યા બાદ ગઠિયાએ વાલીબેનને કહ્યું કે, 'તમને મસાણી મેલડી નડે છે, જે હું સાડા ત્રણ દિવસમાં મટાડી દઈશ.' જેમાં વિધિના બહાને આરોપીએ વૃદ્ધ મહિલા પાસે દીવો કરાવી સફેદ કપડું મગાવ્યું હતું. ત્યારબાદ તેણે વાલીબેનને પોતે પહેરેલાં તેમજ તેમના ઘરનાં સોનાનાં ઘરેણાં આ કપડામાં મુકાવ્યા હતા.

આ પછી ચાલક ગઠિયો કપડામાંથી ઘરેણાં કાઢી લઈ માત્ર ખાલી સફેદ કપડું મહિલાને આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં વાલીબેને બગોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે વુદ્ધા સાથે છેતરપિંડી કરનાર આરોપીને ઝડપી પાડવા આગળની તપાસ હાથ ધરી છે. આ પ્રકારની છેતરપિંડીની ઘટના અગાઉ બગોદરા અને સરલા ગામે પણ બની હતી. જેમાં બે મહિલાઓને નિશાન બનાવી એક ગઠિયો ઘરેણાં લઈને ફરાર થઈ ચૂક્યો હતો. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાયો છે.

### હવસખોરો કઇ હદ સુધી જઇ શકે તેની પ્રતીતિ કરાવતી વધુ એક ચોંકાવનારી ઘટના

# વિકૃત વાસનાંધ વિપુલની સાત વર્ષની બાળા સાથે હવસખોરી

## કુવાડવા પંથકની ઘટનાઃ પચ્ચીસ વર્ષના ઢગાને કુવાડવા રોડ પોલીસે દબોચી શૈતાનીયત ભુલાવી દીધીઃ દૂષ્કર્મ-પોક્સો હેઠળ કાર્યવાહીઃ વિકૃતે બાળાને છાતી, ગળા, ગુપ્તભાગે ઈજાઓ પણ પહોંચાડી

રાજકોટ તા. ૧૩

દૂષ્કર્મ હવસખોરીના અવાર-નવાર બની રહેલા કિસ્સાઓ વચ્ચે રાજકોટના કુવાડવા પંથકમાં એક ખળભળાટ મચાવતી હવસખોરીની ઘટના સામે આવી છે. જેમાં પચ્ચીસ વર્ષના વિપુલના નામના વિકૃત ઢગાની વાસનાખોરીનો ભોગ સાત વર્ષની બાળા બની ગઇ છે. ઘરેથી ભાગ લેવા જવા માટે નીકળેલી આ બાળકીને લોભપ્રલોભન આપીને ફોસલાવીને વિપુલ નામનો વાસનાંધ વિકૃત ઢગો પોતાના ઘરે લઇ ગયો હતો અને શૈતાનીયત આચરી લીધી હતી. ભોગ બનેલી બાળાને આ ઢગાએ ગળા, છાતીના અને ગુપ્ત ભાગે ઈજાઓ પણ પહોંચાડી હતી. રડતી હાલતમાં આ બાળકી તેની માતાને મળી આવી ત્યારે હવસખોર પણ સાથે હતો. જે બાળાની માતાને જોઇ ભાગી ગયો હતો. જો કે કુવાડવા રોડ પોલીસ સુધી ઘટના પહોંચતા હવસખોરને દબોચી લેવાયો હતો. તેની આ શૈતાનીયત પર સૌ કોઇ ફીટકાર વરસાવી રહ્યા છે.



ઘટના પર નજર કરીએ તો કુવાડવા પંથકમાં બનેલી આ ઘટનામાં એક પચ્ચીસ વર્ષના વિકૃત ઢગાએ સાત વર્ષની બાળાને પીંખી નાંખી હતી. તેમજ તેણીના ગુપ્ત ભાગે, છાતી, ગળાના ભાગે કોઇ વસ્તુથી કે હાથથી ઈજાઓ પણ પહોંચાડી હતી. ઘરેથી ભાગ લેવા જવા નીકળેલી દિકરી મોડે સુધી પરત ન આવતાં માતા તેણીને શોધવા નીકળી ત્યારે હવસખોર શખ્સ બાળાની માતાને જોઇ બાળાને મુકીને ભાગી ગયો હતો. રડતી બાળાએ પોતાની સાથે જે બન્યું તેની વિતક માતાને જણાવતાં તેણી ચોંકી ગઇ હતી. પરિવારજનોને જાણ કરી કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો જાણ કરવામાં આવતા પોલીસ પણ ચોંકી ગઇ હતી. પોલીસે તત્કાળ દૂષ્કર્મ, પોક્સો હેઠળ એફઆઇઆર દાખલ કરી હવસખોરને સકંજામાં લઇ હવસખોરીનું ભુત ઉતારી નાંખ્યું હતું.

આ બનાવને પગલે વકૃત ઢગા વિપુલ પર કુવાડવા પંથકમાં ફીટકાર વરસી રહ્યો છે. પોલીસ સુત્રો તરફથી જાણવા મળ્યા મુજબ કુવાડવા રોડ પોલીસે ભોગ બનેલી સાત વર્ષની બાળાના માતાની ફરિયાદ પરથી કુવાડવા પંથકમાં રહેતાં વિપુલ પ્રેમજીભાઇ ગોહેલ નામના પચ્ચીસ વર્ષના શખ્સ વિરૂધ્ધ બીએનએસની કલમ ૭૪, ૭૫ (૨), ૭૬ તથા પોક્સો હેઠળ ગુનો દાખલ કરી તેને પુછતાછ માટે ઉઠાવી લીધો હતો. ભોગ બનેલી બાળાન માતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે રવિવારે સાંજે ચારેક વાગ્યે તેની સાત વર્ષની દિકરી ઘરેથી ભાગ લેવા જવાનું કહીને નીકળી હતી. પરંતુ મોડે સુધી દિકરી પાછી ન આવતાં પોતે તેણીને શોધવા માટે નીકળી હતી. આ વખતે વિપુલ ગોહેલ નામનો શખ્સ બાળાની માતાને આવતી જોઇ બાળાને મુકીને ભાગી ગયો હતો. દિકરી સાથે નક્કી કંઇક અજુગતું બન્યાનું મહિલાને જણાયું હતું. તે વખતે જ દિકરી રડવા માંડી હતી.

આથી તેણીએ દિકરીના રડવાનું કારણ પુછતાં તેણીએ જણાવ્યું હતું કે પોતે ભાગ લેવા નીકળી ત્યારે વિપુલ તેને ફોસલાવીને તેના ઘરે લઇ ગયો હતો અને તેની સાથે અડપલા કરી ગુપ્ત ભાગે, છાતી, ગળા પર ઈજાઓ પહોંચાડી હતી. આ સાંભળી માતા ચોંકી ગઇ હતી. તેણે આ મામલે બીજા પરિવારજનોને જાણ કરી હતી અને બાદમાં પોલીસને જાણ કરી હતી. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર બી. પી. રજયા, અજીતભાઇ લોખીલ સહિતની ભોગ બનેલી બાળાની માતાની ફરિયાદ પરથી એફઆઇઆર દાખલ કરી હવસખોર વિપુલ ગોહેલને સકંજામાં લીધો હતો. તે પચ્ચીસ વર્ષનો છે અને અપરિણીત છે. ભોગ બનનાર બાળાને ઈજાઓ પહોંચી હોઇ ઝનાના હોસ્પિટલમાં સારવાર અપાવાઇ હતી. પચ્ચીસ વર્ષના ઢગાએ સાત વર્ષની બાળા સાથે આચરેલી બળજબરીના આ બનાવને પગલે કુવાડવા પંથકમાં અરેરાટી વ્યાપી ગઇ છે અને હવસખોર ઢગા પર સૌ ફીટકાર વરસાવી રહ્યા છે. વિકૃત હવખસોરો કઇ હદ સુધી જતાં હોય છે તેની પ્રતીતિ કરાવતી વધુ એક આવી ઘટના સામે આવી છે. અગાઉ પણ આ પ્રકારના બનાવો બની ચુક્યા છે.

# ગરબીનું મનદુઃખ, મોબાઇલ ચોરી બટાઝટીના કારણ

## ધોકાવાળી થતાં સામ સામે બે યુવાન ઘવાયાઃ તે મોબાઇલ બઠ્ઠાવ્યો એ કેમેરામાં આવી ગયું કહી યુવાનની ધોલાઇ-હથીયાર તરીકે ચાવીનો ઉપયોગઃ ત્રીજી ઘટનામાં દૂકાનેથી દૂર ખસવાનું કહેતાં બાપ-બેટા પર ધોકાવાળી

રાજકોટ તા. ૧૩

બટાઝટીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. કોઇને કોઇ કારણોસર લોકો ધોકા-પાઇપ ઉલાળતાં રહે છે. આવી વધુ ત્રણ માથાકુટ સામે આવી છે જેમાં ગરબીના આયોજનના મનદુઃખમાં મારામારી થતાં સામ-સામે બે યુવાન ઘાયલ થઇ ગયા હતાં. તો એક બનાવમાં યુવાન પર મોબાઇલ ચોરીનું આળ મુકી લમધારી નખાયો હતો. ત્રીજી ઘટનામાં દૂકાને ઉભેલા શખ્સને દૂર ખસવાનું કહેતાં મચી ગયેલી બબાલમાં બાપ-બેટાને લોહીલુહાણ કરી દેવાયા હતાં.







પ્રથમ ઘટના પર નજર કરીએ તો લોધીકાના હરિપર પાળ ગામે ધોકાથી મારામારી થતાં સામ સામે બે યુવાનને ઇજા થઇ હતી. અગાઉ ગરબીના આયોજન બાબતે મનદુઃખ સર્જાયું હોઇ તેનો ખાર રાખી હુમલો કરાયો હતો. હરિપર પાળમાં રહેતાં અને ખાનગી સ્કૂલની બસનું ડ્રાઇવીંગ કરતાં ભાવેશ ગોવિંદભાઇ વાળા નામના ચોવીસ વર્ષના યુવાન પર ગામના જ નાજા ખીમજીભાઇ રાતડીયાએ ધોકાથી હુમલો કરી માર મારતાં અને નાક પર કડુ મારતાં માથા, નાક, શરીરે ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. સામા પક્ષે હરિપર પાળના નાજા ખીમજીભાઇ રાતડીયા કે જે પચ્ચીસ વર્ષનો છે તેને પણ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

તેણે પોતાના પર ભાવેશ વાળા, દિનેશ સહિતે ધોકાથી હુમલો કરી માર માર્યાનું કહેતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે મેટોડા પોલીસને જાણ કરી હતી. ભાવેશે જણાવ્યું હતું કે મારા કાકાનો દિકરો સતિષ દિનેશભાઇ વાળા ગરબીનું આયોજન કરે છે. આ વાત નાજાભાઇને ખટકતી હોઇ જે તે વખતે બોલાચાલી થઇ હતી અને મનદુઃખ સર્જાયું હતું. બે દિવસ પહેલા મારો ભાઇ સતિષ અવધ ખાતે સિક્યુરીટીની નોકરી પર હતો ત્યાં જઇને નાજો સહિતના ઝઘડો કરી આવ્યા હતાં. ગત સાંજે ફરીથી સતિષ સાથે આ લોકો બોલાચાલી કરતાં હોઇ હું વચ્ચે પડતાં મારા પર ધોકાથી હુમલો કર્યો હતો. આ મારામારી પાછળ ખરેખર શું કારણ છે? તે જાણવા તપાસ થઇ રહી છે.

બીજી ઘટના જોઇએ તો સંત કબીર રોડ પર ગોકુલનગર-૧માં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના બળદેવ ભરતભાઇ મેવાડા નામના યુવાનને સાંજે સામા કાંઠે આંબાવાડી પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી માથામાં બાઇકની ચાવીથી ઇજા પહોંચાડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે થોરાળા પોલીસને કરી હતી. હોસ્પિટલના બીછાનેથી બળદેવ મેવાડાએ કહ્યું હતું કે હું માતાજીના માંડવા સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં ડાકલા વગાડવાનું કામ કરી મારુ ગુજરાન ચલાવું છું.

તેણે વધુમાં કહ્યું કે સાંજે હું આંબાવાડી વિસ્તારમાં પાનની દૂકાને ગયો હતો અને ફાકી લઇને નીકળ્યો હતો. આ વખતે પાછળ ત્રણેક શખ્સો આવ્યા હતાં અને મને ઉભો રાખી 'પાનની દૂકાનેથી અમારો માબોઇલ ફોન ગૂમ થયો છે, તું લઇ ગયો છો અને કેમેરામાં આવી ગયો છો' તેમ કહી મને ગાળો દઇ મારા ખિસ્સા ચેક કર્યા હતાં. મેં તેને હું કોઇ મોબાઇલ ફોન લઇ ગયો નથી, તમને ખોટુ લાગતું હોય તો પોલીસ સ્ટેશને મને લઇ જાવ. તેમ કહેતાં આ શખ્સો ઉશ્કેરાઇ ગયા હતાં અને વધુ ગાળો દઇ ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ એક શખ્સે માથામાં બાઇકની ચાવીના ઘા માર્યા હતાં. થોરાળા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો વાંકાનેરના નવાપરામાં રહેતાં યુવાન અને તેના પિતા પર ગામના જ શખ્સોએ લાકડીથી હુમલો કરી માર મારતાં બંનેને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. વાંકાનેર નવાપરામાં રહેતો પચ્ચીસ વર્ષનો વિષ્ણુ ચીનાભાઇ કડીવાલ ઘર પાસે હતો ત્યારે દેવાંગ, મનોજ, જાદવ સહિતે ઝઘડો કરી લાકડીથી હુમલો કરી બેફામ માર મારતાં તેના પિતા પાંસઠ વર્ષના ચીનાભાઇ જેમાભાઇ કડીવાલ વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવતાં બંનેને વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે વાંકાનેર પોલીસને જાણ કરી હતી. વિષ્ણુ અને તેના પિતા ચીનાભાઇ છુટક મજૂરી કરે છે. વિષ્ણુએ જણાવ્યું હતું કે હું ઘર પાસે કરીયાણાની દૂકાને વસ્તુ લેવા ગયો ત્યારે દૂકાને દેવાંગ હાથ આડો રાખીને ઉભો હોઇ તેને જરા દૂર ખસવાનું કહેતાં બોલાચાલી કરી ગાળો દીધી હતી. આ પછી પોતે ઘરે જતો રહ્યો હતો. બાદમાં દેવાંગ સહિતનાએ ઘર પાસે આવી લાકડીથી હુમલો કર્યો હતો. પોલીસે આ મામલે ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી.

### પૈસાની લેતીદેતીને કારણે વધુ એક વખત બની ગઇ હત્યાની ઘટના

# હત્યારા ભાણેજે મામાને મારી લાશના કર્યા છ ટૂકડા

## હત્યા પછી ટુકડા ફેંકી દીધા ખાડીમાંઃ પોલીસે ભારે મહેનતને અંતે મર્ડર મિસ્ટ્રી ઉકેલી

રાજકોટ તા. ૧૩

હત્યાની વધુ એક ચોંકાવનારી ઘટનાઓ પર્દાફાશ થયો છે. જેમાં પૈસાની લેતીદેતી કારણભુત બની છે. પૈસાના ડખ્ખામાં ભાણેજે મામાને મોતને ઘાટ ઉતારી તેની લાશના છ ટુકડા કરી ખાડીમાં ફેંકી દીધી હતી. ખળભળાટ મચાવતી આ મર્ડર મિસ્ટ્રી પોલીસે ઉકેલી નાખી હત્યારા ભાણેજને પકડી લીધો છે.

વિગતો પર નજર કરીએ તો સુરતના ઉધના પોલીસ સ્ટેશનમાં ધંધાકીય લેવડ-દેવડના વિવાદમાં હત્યા કરાઈ હોવાની ઘટના સામે આવી છે. મામા મોહમ્મદ આમીર આલમની તેના જ ભાણેજ મોહમ્મદ ઈતિકાર વાજીદ અલીએ નિર્મમ હત્યા કરી નાખી હતી. ભાણેજે સોમવારે હત્યાને અંજામ આપ્યો હતો. તેના ગુનાને છૂપાવવા માટે આરોપી ભાણેજે રાત્રે મામા ગુમ થયાની ખોટી ફરિયાદ નોંધાવી હતી. જોકે, આ મામલે પોલીસે તપાસ કરતા ભાણેજે જ હત્યા કરી હોવાનો ખુલાસો થયો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મૃતક મોહમ્મદ આમીર આલમ અને હત્યારો ભાણેજ મોહમ્મદ ઈતિકાર વાજીદ અલી બંને મૂળ બિહારના કટિહારના રહેવાસી છે અને ઉધનામાં ભાડાના એક જ રૂમમાં સાથે રહેતા હતા. પોલીસ દ્વારા મળેલી માહિતી મુજબ, મામા-ભાણેજ બંને એક જ ધંધા સાથે સંકળાયેલા હતા. ભાણેજ આમીર પોતાનું અલગ કારખાનું શરૂ કરવા માંગતો હતો, જેના માટે તે મામા પાસે ધંધામાં રોકાયેલા પોતાના પૈસાની માંગણી કરી રહ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પૈસાની આ લેતી-દેતી અંગે મામા-ભાણેજ વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. આમીર વારંવાર પૈસાની માંગણી કરીને દબાણ કરતો હતો, જ્યારે મામા ઈતિકાર પૈસા આપવા તૈયાર નહોતા.

આ વિવાદ એટલો વકર્યો કે મામાના પૈસા પર પોતાનો કબજો જાળવી રાખવા માટે ભાણેજે કાયમ માટે તેનો કાંટો કાઢી નાખવાનો નિર્ણય લીધો હતો. આરોપી ભાણેજ મોહમ્મદ ઈતિકારે હત્યાનો પ્લાન સોમવારની વહેલી સવારે પાર



પાડ્યો હતો. ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર શૈલેશ દેસાઈના નિવેદન મુજબ, જ્યારે મામા આમીર પોતાના રૂમમાં ઘમાં હતા, ત્યારે ઈતિકારે વજનદાર હથોડી વડે તેમના માથામાં ગંભીર ઘા મારીને તેમની નિર્મમ હત્યા કરી નાખી. હત્યા કર્યા બાદ પુરાવા નાશ કરવા માટે આરોપીએ જે કર્યું તે સાંભળીને પોલીસ પણ આઘાતમાં હતી.

હત્યા બાદ આરોપીએ ઘરમાં રાખેલા ચાકુનો ઉપયોગ કરીને મૃતદેહના પાંચથી છ ટુકડા કરી નાખ્યા હતા. આ ટુકડાઓને તેણે બોરીમાં ભર્યા અને રાત થવાની રાહ જોઈ. ત્યારબાદ, હત્યાના બીજા દિવસે રાત્રે તેણે રિક્ષા મારફતે આ બોરીઓ લઈ જઈને ભઠેનાની ખાડીમાં ફેંકી દીધી હતી, જેથી મામાના મૃતદેહના ટુકડા કોઈના હાથમાં ન આવે અને ગુનો છુપાવી શકાય. ક્રૂર હત્યાના બે દિવસ પછી આરોપી ભાણેજ મોહમ્મદ ઈતિકાર પોતે જ ઉધના પોલીસ સ્ટેશનમાં આવ્યો અને મામા આમીર લાપતા હોવાની ખોટી ફરિયાદ નોંધાવી. તેણે સગાસંબંધીઓ અને પોલીસ સામે એવી ખોટી વાર્તા રચી કે મામાએ કહ્યું છે કે તેઓ શહેરની બહાર ગયા છે અને થોડા દિવસ ફોન બંધ રાખશે.

પોલીસે વીસ વર્ષીય પરવેઝ મુખ્તાર મોહમ્મદ આલમની ફરિયાદના આધારે ગુમ થયાની તપાસ શરૂ કરી. પોલીસને શરૂઆતથી જ આરોપી ભાણેજના વર્તન પર શંકા હતી. પોલીસે જ્યારે આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી, ત્યારે ફૂટેજમાં છેલ્લીવાર મામા અને ભાણેજ સ્કૂટી પર સાથે જતાં જોવા મળ્યા હતા. અંતે ભેદ ઉકેલાઇ ગયો હતો અને મામાનો હત્યારો ભાણેજ ઝડપાઇ ગયો હતો.

પોલીસે આ જ આધાર પર ઈતિકારની આકરી પૂછપરછ શરૂ કરી. શરૂઆતમાં આરોપી પોતાની મનઘડંત કહાણી પર અડગ રહ્યો, પરંતુ પોલીસે જ્યારે વૈજ્ઞાનિક ઢબે અને સખ્તાઈથી પૂછપરછ કરી, ત્યારે તે ભાંગી પડ્યો અને આખરે તેણે પૈસાની લેવડ-દેવડના વિવાદમાં મામાની હત્યા કર્યાની અને લાશના ટુકડા કરી ખાડીમાં ફેંકી દીધાની કબૂલાત કરી હતી.

પોલીસે તુરંત જ મોહમ્મદ ઈતિકાર વાજીદ અલી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને તેને અટકાયત કરી લીધો છે. ઉધના પોલીસે હત્યામાં વપરાયેલ હથોડી અને ચાકુ સહિતના પુરાવાઓ જપ્ત કરવા તથા ખાડીમાં ફેંકાયેલા મૃતદેહના ટુકડાઓ ફાયર વિભાગના અધિકારીઓની મદદથી શોધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# કાલે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા રાજકોટમાં

## કાર-બાઈકની રેલી સાથે તેઓને આવકારશે : શહેર ભાજપમાં અનેરો થનગનાટ : જિલ્લામાં પણ ખાસ બસોની વ્યવસ્થા : પ્રદેશ પ્રમુખ રાજકોટ શહેર, જિલ્લા અને મોરબી જિલ્લાના ભાજપના કાર્યકરો ને સંબોધશે

રાજકોટ, તા. ૧૩

રાજકોટના આંગણે ગુજરાત પ્રદેશના નવનિયુક્ત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા કાલે આવી રહ્યા છે જેને લઈને હાલ શહેર ભાજપમાં એક અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે જગદીશ વિશ્વકર્માએ પ્રદેશ પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ તેઓની આ પ્રથમ મુલાકાત છે જેને લઈને હાલ શહેર ભાજપ અને જિલ્લા ભાજપમાં એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે જગદીશ વિશ્વકર્મા રાજકોટ મહાનગર તથા જિલ્લાની સાતો સાત મોરબી જિલ્લા ભાજપના કાર્યકર્તાઓને પણ સંબોધન કરશે. જગદીશ વિશ્વકર્મા ને આવકારવા માટે રેસકોર્સ મેદાનમાં ભવ્ય મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

જગદીશ વિશ્વકર્મા ખાસ વિમાન મારફત રાજકોટ હીરાસર એરપોર્ટ પહોંચશે જયાં રાજકોટ મહાનગર-જીલ્લા તથા મોરબી જીલ્લાના ભાજપ અગ્રણીઓ તેનુ સ્વાગત કરશે. બાદમાં એરપોર્ટથી ગ્રીનલેન્ડ ચોકડી સુધી રાજકોટ-મોરબી જીલ્લાના કાર્યકર્તાઓ કાર-રેલીથી પ્રદેશ પ્રમુખનું નેતૃત્વ કરશે અને આ રેલી ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચ્યા બાદ રાજકોટ શહેર યુવા ભાજપ દ્વારા ૧૧૦૦ બાઈક સાથે પ્રદેશ પ્રમુખને આવકારી તેઓને બાઈક રેલીના આગેવાનીમાં રેસકોર્ષ સુધી લઈ અવાશે અને સીધા સભા સ્થળે પ્રદેશ પ્રમુખ પહોંચશે. રાજકોટ-મોરબી જીલ્લાના ૧૫૦૦૦ જેટલા કાર્યકર્તાઓ આ સભામાં ઉપસ્થિત રહેશે.

રાજકોટ શહેરમાં દરેક વોર્ડમાંથી ૮૦૦-૧૦૦૦ કાર્યકર્તાઓને ઉપસ્થિત રખાશે. આ માટે દરેક વોર્ડમાં ૧૦થી૧૫ બસો તૈનાત કરાશે.રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પ્રદેશ પ્રમુખનું ભવ્ય સ્વાગત કરાશે અને વિશ્વકર્મા કાર્યકર્તાઓને સંબોધન કરશે.આ ઉપરાંત સભામાં વિવિધ સમાજ-વર્ગના લોકોને પણ ઉપસ્થિત રખાશે. આજે આ કાર્યક્રમની પુર્વ તૈયારી રૂપે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા, ધારાસભ્ય ઉદયભાઈ



કાનગડ, પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન જયમીન ઠાકર મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ખજાનચી મયુરભાઈ શાહ વિ.એ મેદાન પર જઈને સભાની વ્યવસ્થાની ચર્ચા કરી હતી.

રાજકોટ શહેર ભાજપના તમામ કાર્યકર્તાઓ દેશપ્રેમ અને ભારતીય જનતા પાર્ટીની વિચારધારાના રંગે રંગાયેલા અને સમર્પિત છે. તેમનામાં નવનિયુકત પ્રદેશ અધ્યક્ષનું સૌરાષ્ટ્રની ભાતિગળ અને પરંપરાગત સંસ્કૃતિ મુજબ સ્વાગત અને અભિવાદન કરવા માટે અનેરો ઉત્સાહ અને થનગનાટ અત્યારથી જોવા મળી રહ્યો છે. નવનિયુકત પ્રદેશ અધ્યક્ષના સ્વાગત અભિવાદન સમારોહ માટે રાજકોટ મહાનગર દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ચુકયો છે.

ત્યારે ગ્રીન લેન્ડ ચોકડીથી શરૂ થતાં રૂટથી ૨૦૦૦ બાઈક રેલીના આયોજન, રેસકોર્ષથી ૫ થી ૬ કિલોમીટરના વિસ્તારને સુશોભિત કરવા હોર્ડિંગ્સ, બેનર, ધજા વગેરેથી શણગાર કરવા માટે, સંમેલનમાં ખેસ, ધજા, સાહિત્ય પ્રદેશ દ્વારા જરૂરીયાતની સંપૂર્ણ જવાબદારી, અધ્યક્ષના સ્વાગત માટે લાઈબ્રેરીમાં ઉપયોગી પુસ્તકથી સ્વાગત કરવા માટે સહિતની જવાબદારીઓ વિવિધ સમિતિઓની રચના કરી જવાબદારી પણ સોંપી દેવામાં આવી છે. બીજી તરફ રવિવારે રાત્રે બાપાસીતારામ ચોક ખાતે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા જંગી જાહેરસભા સંબોધવામાં આવી હતી જેમાં ભાજપ પર આકરા અને શાબ્દિક પ્રહારો કરવામાં આવ્યા હતા ત્યારે આગામી દિવસોમાં આમ આદમી પાર્ટી ભાજપને કેટલું નુકસાન પહોંચાડે છે તે હવે જોવાનું રહ્યું. મળતી માહિતી મુજબ નવનિયુક્ત ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની રાજકોટ મુલાકાત ખૂબ મહત્વની સાબિત થશે કારણકે આગામી દિવસોમાં મહાનગરપાલિકા તથા પંચાયતની ચૂંટણીઓ યોજવાની છે ત્યારે તેમના પર ખાસું એવું જવાબદારીનું ભારણ પણ છે અને તેઓની આ કસોટી પણ છે ત્યારે શું જગદીશ વિશ્વકર્મા આ એસિડ ટેસ્ટમાં પાસ થશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.

સામે શહેર ભાજપમાં આંતરિક વિખવાદો ચાલી રહ્યા છે અને તેની અસર આગામી ચૂંટણીઓમાં જોવા મળે તેવી ચર્ચા એ પણ જોર પકડ્યું છે ત્યારે હાલ દરેક શહેર ભાજપના આગેવાનો અત્યારથી જ એક થઈને નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષને આવકારવા માટે ભારે મહેનત કરી રહ્યા છે ત્યારે તેમની આ મહેનત આગામી ચૂંટણીઓમાં શું રંગ લાવશે તે જોવાનું રહ્યું.

નકલીની ભરમાર વચ્ચે હવે આ એક બાકી હતું: રૂરલ SOGએ કર્યો પર્દાફાશ

# નકલી જંતુનાશક દવા વેંચવાનું કારસ્તાનઃ લાખોનો જથ્થો કબ્જે

## કાંગશીયાળી ગામે કાર્યવાહીઃ અમરેલીના શખ્સ અને તેને માલ પુરો પાડનાર વેપારીને સાણસામાં લઇ મુળ સુધી પહોંચવા મથામણ





રાજકોટ તા. ૧૩

આજના યુગમાં ટુંકા માર્ગે માલદાર થવા માટે લેભાગુઓ કોઇપણ હદ સુધી જતાં હોય છે. સામાન્ય રીતે ખાનપાનના પદાર્થો, બૂટ-ચપ્પલ, કપડા, કોસ્મેટીક્સ આઇટમ અને ક્યારેક ઓટોપાર્ટસને લેભાગુઓ નકલી બનાવી વેંચતી મારતા હોય છે. પરંતુ હવે તો જંતુનાશક દવાનો અપ નકલી બનવા લાગી છે! જે જંતુનો જે દવાથી નાશ કરવાનો છે એ દવા પણ નકલી! સાંભળીને આશ્ચર્ય પણ થાય અને હસવું પણ આવે. રાજકોટ રૂરલ એસઓજીએ આ કારસ્તાન પકડી પાડી એક શખ્સને દબોચ્યો છે અને લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. નકલી દવા ઝડપી લેવાની આ કાર્યવાહી કાંગશીયાળી ગામે થઇ હતી. પકડાયેલા અમરેલીના શખ્સને માલ સપ્લાય કરનારા વેપારીને પણ સકંજામાં લેવાયો છે.

જગતાત એટલે કે ખેડૂતોને નકલી જંતુનાશક દવા ધાબડી દેવાના કારસ્તાનને રાજકોટ રૂરલ એસઓજીએ ઉઘાડુ પાડી કાંગશીયાળી ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી નકલી જંતુનાશક દવાના જથ્થા સાથે વેપારીને પકડી પાડી કુલ રૂ.૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલ અમરેલીના શખ્સને ત્રણ મહિનાથી માલ સપ્લાય કરનાર રાવકીના વેપારીને પણ પોલીસે સકંજામાં લઇ નકલી જંતુનાશક દવાના મુળ સુધી પહોંચવા કવાયત આદરી હતી. રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા ગેરકાયદેસર -વૃતિ કરતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં લાયસન્સ ધરાવતી કંપનીના ડુપ્લીકેટ નામથી ખેત ઉત્પાદકની જતુનાશક દવાનું વેચાણ કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની સુચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયાન કંપનીના નોડલ અધિકારી પ્રેમ દયારામ શર્માએ આપેલી હકિકત આધારે કાંગશીયાળી ગામની સીમમાં આવેલ ગ્લોબલ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારના પ્લોટ નં.૧ નં.૧૧ના શેડમાંથી ઓગણીસ વર્ષના દર્શન જયેશ ગઢાદરાને પકડી લીધો હતો. આ શખ્સ અમરેલીની મોણકારા સોસાયટીનો રહેવાસી છે. તેની પાસેથી ખેતીની જંતુનાશક દવાઓની ડુપ્લીકેટ દવાઓના જથ્થો રૂ.૭,૭૫,૧૭૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. પોલીસ સુત્રોએ કહ્યું હતું કે પકડાયેલ આરોપી છેલ્લા ત્રણ મહિનાથી રાવકીના જંતુનાશક દવાના વેપારી પાસેથી ડુપ્લીકેટ જંતુનાશક દવા મંગાવીને ખેડૂતો સાથે છેતરપીંડી આચરતો હતો. અડધા ભાવે બનતી દવામાં બંને શખ્સો પોતાનું કમીશન રાખી વેપાર કરતાં હતાં.

પોલીસે રાવકીના શખ્સને પણ સકંજામાં લઈ વધું તપાસ આદરી હતી. પોલીસે જે અલગ અલગ દવાઓ કબ્જે કરી છે તેમાં યુનાઇટેડ ફોસ્ફરસની ફોસ્કીલ મોનોકોટો, સાફ કાર્બ, સીજેંટા ઇન્ડીયાની ઈસબીયોન, સ્કોર, બાયર ક્રોપસાઇસની રાઉન્ડઅપ હરબીસાઈડ, નાટિયો સાયટેમિક ફંગીસાઈડનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી રૂરલ એસઓજી પીએસઆઇ કે.એમ.ચાવડા, એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી, હેડકોન્સ. શીવરાજભાઇ ખાચર તથા પ્રહલાદસિંહ રાઠોડ, તથા મયુરભાઇ વિરડા, તથા અનિરુધ્ધસિંહ જાડેજા તથા નૈમીષભાઇ મહેતા તથા પો.કોન્સ વિજયગીરી ગોસ્વામી, તથા વિપુલભાઇ ગોહિલ, તથા રામદેવસિંહ ઝાલા તથા નવદિપભાઇ બાબરીયા તથા હેડકોન્સ. નરશીભાઇ બાવળીયાએ કરી હતી. ઝડપાયેલાઓની વિશેષ તપાસમાં વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

# દિપાવલી તહેવાર પૂર્વે જ પુરવઠાના સર્વરમાં ધાંધિયા

## સમયસર અનાજ ન મળતા દુકાનદારો તથા લાભાર્થીઓ વચ્ચે ઘર્ષણ : છેલ્લા અનેક મહિનાઓથી ફરિયાદોમાં ઉતરોતર વધારો

રાજકોટ, તા. ૧૩

દિવાળી તહેવાર નિમિત્તે સરકાર દરેક લોકો ના હિત માટે વિચાર કરી રહી છે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે આ તહેવારમાં જરૂરિયાત મંદ લોકોને અનાજ પુરવઠો સમયસર મળી રહે તે ખૂબ જરૂરી છે જેને લઈને હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ દર વખતની જેમ આ વખતે પણ પુરવઠા વિભાગના સર્વરમાં ધાંધિયા યથાવત જોવા મળ્યા છે . ત્યારે લાંબી લાઈનોના પગલે લાભાર્થીઓને ઘણી તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે અને તેઓ જથ્થાથી વંચિત પણ રહેતા હોય તેવું જોવા મળે છે. આ અંગે હવે રાજ્ય સરકાર કોઈ નક્કર પરિણામ લે તે ખૂબ જરૂરી છે કારણ કે છેલ્લા ઘણા સમયથી પુરવઠાના સર્વરમાં ક્યાંકને ક્યાં ક્ષતિઓ અને તકલીફો જોવા મળી રહી છે જેને લઈને હાલ દુકાનદાર અને લાભાર્થીઓ વચ્ચે ઘર્ષણ પણ થઈ રહ્યું છે.

દિવાળીનાં તહેવારોમાં પણ પૂરવઠા વિભાગનાં સર્વરનાં ધાંધીયા યથાવત રહેવા પામ્યા છે.હાલમાં તહેવારોનાં રાહતદરનાં જથ્થાનું વિતરણ ચાલી રહ્યું છે. ત્યારે જ સર્વર એકદમ ધીમુ ચાલી રહ્યુ હોય લાભાર્થીઓને જથ્થો મેળવવા માટે કતારોમાં લાંબો ઈતજાર કરવો પડી રહ્યો છે.આથી વેપારીઓને પણ ગ્રાહકો સાથે ઘષણ થવા લાગ્યુ છે.તાજેતરમાં જ છેલ્લા બે દિવસથી પુરવઠા સર્વર ના ધાંધિયા ફરી શરૂ થયા છે એક બાજુ હતા.

ડી.એસ.ડી ફ્રેન્ડલી વહીવટી તંત્ર અને રાજ્યનું નિગમ માંડ કરીને જથ્થો દુકાને પહોંચાડે છે અને વિતરણ ચાલુ થાય છે ત્યારે દર મહિને પુરવઠા વિભાગ નું સર્વર ખોટકાઈ જાય છે આવી પરિસ્થિતિ દર મહિનાની હોય છે.ગ્રાહકો સર્વરના ધાંધિયાને કારણે દુકાને ટળવળતા હોય છે. દુકાનદારો મોઢું વકાસીને બેસે ગ્રાહકોના આડાઅવળા સવાલોના જવાબો આપે માથું કુટે પબ્લિક સરકારના શાબ્દિક છાજીયા લ્યે રાજ્યની સંવેદનશીલ સરકારની અસંવેદના ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને લાચાર બનાવે છે. વાજબી ભાવના દુકાનદારો ની સ્થિતિ સુડી વચ્ચેની સોપારી જેવી થાય છે.

એક તો નજીવા કમિશનથી કામ કરતા હોય છે અને કમિશન પણ સમયસર ચૂકવાતું નથી અને જે કમિશન ચૂકવાઇ છે તે કટકે કટકે ચુકવાઇ છે આમ સરકારશ્રી તરફથી પણ ગુજરાત રાજ્યના વ્યાજબી ભાવના દુકાનદારોનું ભયંકર આર્થિક શોષણ થઈ રહ્યું છે. ત્યારે સર્વરમાં થતી વારંવાર ટેકનિકલ ખામીઓને લીધે દુકાનદારોએ માનસિક યાતનાઓ પણ ભોગવવવી પડે છે લાખો રૂપિયાનો પગાર પાડતા અને એ.સી ચેમ્બર માં બેસતા અધિકારીઓ તથા પ્રજા કલ્યાણ માટે ચુંટાયેલા જન પ્રતિનિધિઓને પણ પ્રજાની હાલાકી માટે પેટનું પાણી નથી હલતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ગરીબ લોકોને આપવામાં આવતુ મફત અનાજ મેળવવા માટે જરુરીયાતમંદ લોકોને દર મહીને ટળવળવું ન પડે એ માટે સરકારશ્રી માં યોગ્ય કક્ષાએ સચોટ રજૂઆત કરવી જોઈએ. જેથી પ્રજાને પડતી રોજબરોજની મુશ્કેલીઓનો અંત આવે પોતાની રોજગારી ધંધા છોડીને સસ્તા અનાજની દુકાનોના ધક્કા બંધ થાય અને લોકોને પારાવાર માનસિક યાતનાઓ માંથી છુટકારો મળે.




પરિવારના માળા વિખેરી નાખતી અપમૃત્યુની ઘટનાઓનો સિલસિલોઃ વધુ છ જીવ ગયા

# તળાવમાં ન્હાવા પડેલા યુવાનનું ડૂબી જતા મોત

## માતા-પિતાના એકના એક દિકરાનું વાડીએ હલર મશીનમાં ફસાઇ જતાં મોતઃ એક નવજાત બાળકનું તાવથી મોતઃ બીજા નવજાતને દૂધ પીવડાવી માતાએ સુવડાવ્યા બાદ જાગ્યો જ નહિઃ પાંચમી ઘટનામાં બેભાન મળેલા પ્રૌઢનું મોતઃ વૃદ્ધાએ બિમારીથી થાકી કર્યો આપઘાત

રાજકોટ તા. ૧૩

અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ કોઇને કોઇ પરિવારના માળા વેરવિખેર કરી જાય છે. અલગ અલગ રીતે મૃત્યુની ઘટનાઓ બનતી રહે છે. જન્મે તે માણસનું મૃત્યુ નિશ્ચીત હોય છે. પરંતુ મોત ક્યારે અને કેવી રીતે આવી જાય તે નક્કી હોતું નથી. વધુ આવી ઘટનાઓ બની છે. જેમાં એક યુવાન તળાવમાં ન્હાવા જતાં તેને જળઘાત નડી ગઇ હતી, ડુબી જવાથી મોત થતાં કલ્પાંત સર્જાયો હતો. બીજી ઘટનામાં એક યુવાનનું હલર મશીનમાં હાથ ફસાઇ જવાને કારણે ગંભીર ઇજા થતાં મોત થયું હતું. તો બે માસુમ બાળકો પણ કાળનો કોળીયો બની ગયા હતાં. અગીયાર મહિનાના બાળકને તાવ ભરખી ગયો હતો અને બાર દિવસથી વય ધરાવતાં બાળકનું માતાએ ધાવણ આપી સુવડાવ્યા બાદ બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો કુવાડવાના બેડલા ગામે તળાવમાં ન્હાવા જતાં ડુબી જવાથી પરિવારના આધારસ્તંભ યુવાનનું મોત નિપજતાં ગમગીની છવાઇ ગઇ હતી. બેડલામાં રહેતાં દીપકભાઇ માયાભાઇ બથવાર નામના છત્રીસ વર્ષના યુવાનનું ગામના તળાવમાં ડુબી જવાથી મૃત્યુ થયું હતું. તળાવમાં એક વ્યક્તિ ડુબી ગયાની જાણ ગામલોકો મારફત થતાં ૧૦૮ની ટીમ પહોંચી હતી.

યુવાનને તરવૈયાઓએ બહાર કાઢતાં ૧૦૮ના તબિબ નમ્રતાબેને તપાસતાં તે મૃત જણાતાં પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી. આ પછી એરપોર્ટ રોડ પોલીસને જાણ થતાં એએસઆઇ પરેશભાઇ સાંગાણી સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવા તજવીજ કરી હતી. પોલીસ તપાસમાં આ મૃતક યુવાન બેડલા ગામનો દીપકભાઇ બથવાર હોવાનું ખુલતાં તેના પરિવારજનોને જાણ કરાઇ હતી. દીપકભાઇ કડીયા કામની મજૂરી કરતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તે ત્રણ ભાઇ અને બે બહેનમાં નાના હતાં. એકલા જ ન્હાવા માટે ગયા ત્યારે આ કરૂણ ઘટના બની હતી.

બીજી કરૂણ ઘટના જોઇએ તો ટંકારાના વીરપર ગામે રહેતાં યુવાનનું વાડીએ કામ કરતી વખતે હલર મશીનમાં હાથ આવી જતાં ગંભીર ઇજા થતાં કમકમાટી ભર્યુ મોત થયું છે. આ યુવાન માતા-પિતાનો એકનો એક દિકરો હતો. વીરપર ગામે રહેતો નીતિન અરવિંદભાઇ મકવાણા નામનો ત્રેવીસ વર્ષનો યુવાન વાડીએ હતો ત્યારે હલર મશીનમાં કામ કરતો હતો ત્યારે હાથ આવી જતાં ગંભીર ઇજા થઇ હતી. તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર નીતિન માતા-પિતાનો એકનો એક પુત્ર



હતો અને ખેતી કામમાં માતા-પિતાને મદદ કરતો હતો. ખાનગી હોસ્પિટલ મારફત એ-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવતાં પ્રાથમિક કાર્યવાહી કરી ટંકારા પોલીસને જાણ કરાઇ હતી.

ત્રીજી ઘટનામાં અગીયાર મહિનાની આયુ ધરાવતાં બાળકની જિંદગી તાવને કારણે ખતમ થઇ ગઇ હતી. શહેરના આજીડેમ ચોકડીથી આગળ આવેલા માંડા ડુંગર નજીક ભીમરાવનગરમાં રહેતાં મગનભાઇ બારૈયાનો પુત્ર દેવાંશ કે જે અગીયાર મહિનાનો હતો તે બેભાન થઇ જતાં ઝનાના હોસ્પિટલમાં બાળકોના વિભાગમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતયુ પામનાર દેવાંશ બે બહેનનો એકનો એક નાનો ભાઇ હતો. પિતા મગનભાઇ જાદવભાઇ બારૈયા રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. આ બાળકને બે ત્રણ દિવસથી તાવ આવતો હોઇ દવા ચાલુ હતી. આજે એકાએક તબિયત બગડી જતાં બેભાન થઇ જતાં સારવારમાં ખસેડાયો હતો. પરંતુ જીવ બચ્યો નહોતો.

ચોથી ઘટના જોઇએ તો રામનાથપરા પાસે કુંભારવાડા-૧૧માં રહેતાં અનવર સૈફુદીનભાઇ શેખના બાર દિવસના પુત્રનું દુધ પીવડાવી સુવડાવ્યા બાદ બેભાન થઇ જતાં મૃત્યુ થય હતું. અનવર સૈફુદીન શેખનો પુત્ર કે જેની ઉમર બાર દિવસની હતી તેને માતા નફીસાબેનએ દુધ પીડાવી સુવડાવી દીધો હતો. બાદમાં આ બાળક નહિ જાગતાં બેભાન હાલતમાં ઝનાના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ તેનું મોત નિપજ્યુ. હતું. બાળકને હોસ્પિટલમાં ખસેડાયું ત્યારે મોઢા, નાકમાંથી લોહી નીકળી ગયેલુ હતું. સારવાર દરમિયાન તેનુ મૃત્યુ થયું હતું.

ઝનાના હોસ્પિટલ મારફત જાણ થતાં એ-ડિવીઝનના હેડકોન્સ. નરેશભાઇ શીયાળે જરૂરી કાર્યવાહી કરી હતી. બાળકના પિતા સોની કામની મજૂરી કરે છે. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ બાળક માતા-પિતાનું પહેલુ જ સંતાન હતું. માતાએ પેટ ભરાવી બાળકને પથારીમાં બાજુમાં સુવડાવ્યું હતું. બાદમાં ઉંઘમાં માતાએ પડખું ફરતાં તે દબાઇ જવાથી મોત થયું કે અન્ય કોઇ રીતે? તેની તપાસ થઇ રહી હતી. ફોરેન્સિક પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ સાચી હકિકત સામે આવશે.

અન્ય એક મૃત્યુની ઘટનામાં ચોટીલા નજીકના સાંગણી ગામ પાસે ક્રિષ્ના હોટેલ નજીક અજાણ્યા આશરે પચાસ વર્ષના પ્રૌઢ બેભાન પડ્યા હોઇ ૧૦૮ને કોઇએ જાણ કરતાં તેને ચોટીલા હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે ચોટીલા પોલીસને જાણ કરી હતી. મૃતકની ઓળખ મેળવવા અને મોતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

અપમૃત્યુની છઠ્ઠી ઘટનામાં એક વૃધ્ધા બિમારી સામે થાકી જતાં તેમણે આપઘાત કરી લીધો હતો. મોરબી રોડ પર આવેલી આરાધના સોસાયટીમાં બીમારીથી કંટાળી વૃધ્ધાએ એસીડ પી આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. સેટેલાઇટ ચોક પાસે આરાધના સોસાયટી બ્લોક નં.૧૭ માં રહેતાં સિત્તેર વર્ષના લક્ષ્મીબેન રામજીભાઇ કટારીયાએ પોતાના ઘેર હતા ત્યારે બાથરૂમ સાફ કરવાનું એસીડ પી લેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા ત્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું. બનાવની જાણ થતાં બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ. અને શ્યોરા સહિતના સ્ટાફે હોસ્પિટલ પહોંચી તપાસ હાથ ધરી હતી. વૃધ્ધાને અલગ અલગ બિમારીઓ લાગુ પડી હોઇ દવા કરાવવા છતાં ફરક પડતો ન હોઇ કંટાળીને પગલુ ભર્યાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું.